Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૦ સંવત ૨૦૦૨.

અંક ૧૦ મો. વૈશાખ : મે.

તા. ૧૦-૫-૧૯૪૬.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | ઉન્નતિ-શૃંગે ... ... ... | લે. ગોવિંદલાલ ક. પરીખ | ૧૬૯ |
| ૨ | આંગન ફુલો બીછાઇ... ... ... | લે. ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી | ૧૭૦ |
| ૩ | કાઢી નાખો ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૭૧ |
| ૪ | કવિ કેમ થવાય ? ... ... ... | લે. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૧૭૫ |
| ૫ | શ્રમણોપાસક ધર્મભાવના ... ... | લે. આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ | ૧૭૭ |
| ૬ | સામયિક ચેતવણી ... ... ... | અનુવાદક અભ્યાસી | ૧૮૦ |
| ૭ | કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | લે. મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ | ૧૮૬ |
| ૮ | શ્રીમાન યશોવિજયજી ... ... ... | લે. ડૉ: ભગવાનદાસ મનસુખલાલ મહેતા | ૧૮૮ |
| ૯ | આનંદદાયક વર્તમાન સમાચાર... ... | સભા | ૧૮૯ |
| ૧૦ | સાભાર-સ્વીકાર ... ... | સભા | ૧૯૦ |


## શ્રી આત્માનંદ પ્રકાશના માસિક માટે નમ્ર સૂચના.

કાગળની મોંઘવારી તેમજ કન્ટ્રોલને લીધે વધારે સંખ્યા છપાવી શકાય નહિં, માટે પાછલા અંકો માટે વારંવાર માગણી કરવામાં આવે છે તે પૂરા પાડી શકાતા નથી; તેમજ ગ્રાહક પૂરતા માસિક છપાવાતા હોવાથી અંકો સીલીકમાં રહેતા નથી માટે પાછળના અંકો માગણી ન કરવા નમ્ર સૂચના છે.

## આ માસમાં નવા થયેલ સભાસદો.

૧. શ્રી બિપીનચન્દ્ર લાઇબ્રેરી ( ૧ ) લાઇફ મેમ્બર નવસારી.
૨. શેઠ મહાસુખરાય વૃજલાલ ( ૨ ) ,, ભાવનગર
૩. શાહ કાન્તિલાલ લવજીભાઇ ( ૨ ) ,, ,,

## ભેટના બે સુંદર ગ્રંથો છપાઇ ગયેલ છે.

૧. શ્રી સંઘપતિ ચરિત્ર. ૨. શ્રી મહાવીર દેવના વખતની મહાદેવીઓ.

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઇન્ડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો છપાવી ભેટ આપે છે. સુંદર સાહિત્ય પ્રકાશન તથા સુંદર ગ્રથોના ભેટ આપવા માટે આ સભાની પ્રતિષ્ઠા વધવા પામી છે. કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા સુમારે સાડા છસો ૬૫૦) પાનાના દળદાર ગ્રંથો થશે.

## ગ્રંથોના નામો.

૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાન, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૨. | વૈશાખ. | પુસ્તક ૪૩ મું. |
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ મે :: | અંક ૧૦ મો. |

## ઉન્નતિ–શૃંગે

મૂર્ખ ને ધીમાનકેરાં પુસ્તકો વાંચી રહ્યા,
કૅાલેજ સ્કુલની ગહનતાથી ચિત્તને વિરમી રહ્યા;
જંજીર જીર્ણ રિવાજકેરી જગતને જકડી રહી,
આશ જો શૃંગે જવા નીચી નજર કરવી રહી.

જ્ઞાની ભલે સવિચાર વ્યયને તત્વજ્ઞાને તું સદા,
કિંતુ નિરર્થક ભાસતું એ જ્ઞાન તારું સર્વદા;
જો ન હિંમત હોય તમમાં ખેડવા વાણિજ્યને,
આરોહવા સરણી નીચેથી ટોચના સોપાનને.

જૂન વાણી વિચાર કંઇ છે જે ન ભૂંસાતા કદિ,
હો ભલે રીતિ ગમે તે રહેવું ઉદ્યત રાત દિ;
શ્રમ અગર વિરામમાં અંકાય મૂલ્ય યુવાનનું,
આરંભમાં કદિ ધારશે ના ટોચકેરા સ્પર્શનું.

બદલે ભલે ચાલુ રીતિ કિંતુ કદિ ના આવશે,
એ કાળ જયારે ઉન્નતિનો માર્ગ દુષ્કર ના હશે;
સફળતાની શ્રેણીનું સોપાન એક ન કાપશે,
તળની ભૂમિ સ્પર્શ્યા વિના શૃંગે કદિ ના પહોંચશે.

રચયિતા—ગોવિંદલાલ ક. પરીખ-કડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " આંગન ફુલો બીછાઇ "

( રાગ કાફી ત્રીતાલ )

આંગન ફુલો બીછાઇ !
મૈયા તોરે આંગન ફુલો બીછાઇ ! !
વીર કુમર સુત જાઇ ! મૈયા તોરે ! !
ધન્ય ત્રિશલાદે ભારત માંહી !
તું વીર માત કહાઇ,
છપ્પન્ન દિગ્કુમરી હીલમીલકે,
નૃત્ય ગુણગાન મચાઇ. મૈયા તોરે. ૧

દિવ્ય દુંદુભી ગગને બાજત્,
મંદ સુવાસ બહેકાઇ,
દિવ્ય પ્રકાશ ભયો નારકીએ,
અવનીતલ હરખ ભરાઇ. મૈયા તોરે. ૨

દેવ દેવી ઇંદ્રાદિક મીલ કર,
મેરુશિખર પર જાઇ,
ક્ષીરોદકસે નવણુ કરાવત્,
મહાવીર ગોદ બીઠાઇ. મૈયા તોરે. ૩

ક્ષત્રીયકુંડમેં જન્મ મહોત્સવ,
ઘર ઘર બજત બધાઇ,
જય જયકાર કરત નર નારી,
સિદ્ધારથ ઘર આઇ. મૈયા તોરે. ૪

પોઢત વીર કુમર પારણીએ,
નયને નિંદ ભરાઇ,
જાગત જગવત્ વીર જગતકો,
" વૈરાટી " નિંદ ઉડાઇ. મૈયા તોરે. ૫

ઝવેરીવાડ
વૈરાટી નિકેતન
અમદાવાદ

**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાઢી નાખો

લેખક–આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંગ્રહશીલ આત્મા અનાદિ કાળથી નકામી વસ્તુઓનો સંગ્રહ કરતો આવ્યો છે. કેવળ નકામી જ હોય તો કાંઇ હરકત નહિં પણ આ તો નકામી અને વળી પોતાની અનંત જ્ઞાનાદિ સાચી સંપત્તિની વિનાશક હોય છે. અજ્ઞાની આત્મા જાણતો નથી કે જડાત્મક વસ્તુએ મારું કેટલું નુકસાન કર્યું છે. આત્માની સાચી સંપત્તિ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અનંતવીર્ય, અનંતસુખ અને અનંત જીવનનો અત્યંત નાશ કર્યો છે. આત્માની જાણવાની અનંતી શક્તિ છે છતાં એક ઘડી પછી શું થશે તે પોતે જાણતો નથી. આત્માને નિરંતર જાણવાની ઇચ્છા રહ્યા કરે છે; કારણ કે જાણવું તે તેનો ખાસ ધર્મ છે એટલે તેને ન જણાય ત્યાં સુધી મુંઝાયા કરે છે. કર્મના ક્ષયોપશમ પ્રમાણે પોતાને સંતોષ થાય તેવું સાચું અથવા તો ખોટું જાણે એટલે શાંતિ મનાવે છે. અણુજાણ આત્મા એક બીજાને પૂછીને પોતાની જાણવાની ઇચ્છાને સંતોષે છે. જેમ એક આંધળો માણસ બીજા આંધળાને આંખથી જણાતા જગતની માહિતી પૂછે, તેમ એક અજ્ઞાની બીજા અજ્ઞાનીને તાત્વિક વસ્તુની માહિતી મેળવવા પૂછે છે પણ જો આંધળો માણસ આંખથી દેખાતા જગતને સાચી રીતે વર્ણવી શકે તો જ અજ્ઞાની જીવ બીજા અજ્ઞાનીને તાત્વિક વસ્તુ સમજાવી શકે. દેખતા માણસની પાસેથી સાંભળીને આંધળો આંધળાને સ્વકલ્પના–મિશ્રિત કાંઇક કહી શકે છે તેમ જ્ઞાની પુરુષોનાં વચનને સાંભળીને કે વાંચીને અજ્ઞાની જીવ બીજા અજ્ઞાનીને વસ્તુને સાચી રીતે જાણ્યા સિવાય પણ સ્વબુદ્ધિકલ્પનાથી સમજાવે છે કે જેમાં અર્ધસત્ય અથવા તો અસત્યની છાયા રહેલી હોય છે.

અજ્ઞાનીઓથી ન સમજી શકાય તેવો કોઈ દુખદ અથવા તો સુખદ પ્રસંગ અચાનક આવીને ઉપસ્થિત થાય છે ત્યારે માનવીઓ એમ કહેતા નજર આવે છે કે પ્રભુ જાણે, કાંઇ સમજી શકાતું નથી કે આમ અચાનક કેવી રીતે બની ગયું. પ્રભુની લીલા અપાર છે, કોઇપણ કળી શકે તેમ નથી. આમ બોલનારમાં જાણવાની અને સમજવાની શક્તિ છે. દરેક ક્ષણમાં પરિવર્તિત સંસારની પરિસ્થિતિને સાચી રીતે જાણી શકે છે. તોયે જે એમ કહે છે કે પ્રભુ જાણે તે તેની સ્વસંપત્તિની કંગાલીઅત જ કહી શકાય. અને તે કંગાળીઅત ખોટી અને નકામી વસ્તુઓના સંગ્રહથી જ થએલી હોય છે. ધનપતિ અને ધનહીનને જનતા શ્રીમંત અને કંગાળ તો કહી શકે છે પણ ધનવાળાને માણસ અને ધનહીનને પશુ નથી કહી શકતી. બંનેને દુનિયા મનુષ્ય તરીકે તો ઓળખવાની જ. તેવી જ રીતે સર્વ કર્મક્ષય થવાથી સાચી અને સંપૂર્ણ સમ્યગ્-દર્શનાદિ સ્વસંપત્તિને પ્રાપ્ત કરનાર અને સર્વ કર્મોના ગાઢતમ આવરણને લઇને પોતાની સાચી સંપત્તિથી વંચિત આ બંનેને જ્ઞાની જગત આત્મા તરીકે તો ઓળખશે જ. કર્માધીન આત્મા શક્તિમાં તો શુદ્ધાત્મ સ્વરૂપ છે પણ અજ્ઞાનતાથી સુખના સાધન સમજીને પૌદ્ગલિક વસ્તુઓના સંગ્રહ અને ભોગથી જડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ કર્મના સંસર્ગને લઇને પોતાની સાચી સંપત્તિથી કંગાળ બની ગયો છે.

પાંચે ઈંદ્રિયોની પોષક અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવીને માનવી પોતાને સુખી માને છે અને તેની દૃષ્ટિથી જોનાર દુનિયા પણ તેને સુખી જ કહે છે અને તે પણ પોતાના સુખીપણાની પ્રતીતિ કરાવવા દુનિયાએ માની રાખેલા પૌદ્ગલિક સુખના સાધનોનો સંગ્રહ તેમજ દુનિયાને ગમતાં વાણી, વિચાર તથા વર્તન રાખે છે તે જ તેની મૂર્ખાઇભરેલી ભૂલ કહેવાય છે. હું સુખ ભોગવી રહ્યો છું, એમ કહેનાર અને અભિમાન રાખનાર માનવી જ્ઞાનની નબળાઇને લઇને સમજી શકતો નથી કે તે પોતાની સાચી સંપત્તિની નાશક જડ વસ્તુઓનો સંગ્રહ કરી રહ્યો છે. સુખનું અભિમાન રાખનાર માનવી પોતાના આત્માને કર્મના કચરાથી ઢાંકી દે છે. તે કચરો આત્માની અનંત ચતુષ્ટયરૂપ સુંદરતાને ઝાંખી બનાવી દે છે. પુન્ય કર્મથી મળેલી જડાત્મક બાહ્ય સંપત્તિ ભોગવતાં પુન્ય–કર્મ ક્ષય થાય છે અને આસક્તિ ભાવે સુખ માનતાં કર્મસંચય થાય છે તેવી જ રીતે પાપકર્મથી મેળવેલી બાહ્ય જડાત્મક સામગ્રી ભોગવતાં પાપકર્મ ક્ષય થાય છે અને આસક્તિ ભાવે દુઃખ માનવાથી કર્મસંચય થાય છે અર્થાત્ શુભાશુભ કર્મના ઉદયમાં આસક્તિ ભાવે સુખદુઃખ માનનાર જૂનાં શુભાશુભનો ક્ષય કરીને નવાં અશુભ કર્મનો સંચય કરે છે, જેથી કરીને આત્મા સ્વસંપત્તિની કંગાળીઅત ટાળી શકતો નથી અને વધારે ને વધારે કંગાળ બનવાથી જડની પરાધીનતાની બેડીમાં જકડાતો જાય છે. કર્મનો કચરો શામાટે ભેગો કરવો જોઇએ? માનવી સુખ ભોગવવાને કર્મ કરે છે; પણ નિષ્કર્મ બન્યા સિવાય તો સુખ હોઇ શકે જ નહિં. વસ્તુમાં એક જ સ્વભાવ હોય છે, બે હોતો નથી. જો કર્મ સુખસ્વરૂપ હોય તો તે દુઃખસ્વરૂપ થાય નહિં. પૂર્વના મહાજ્ઞાની પુરુષોએ પણ કર્મને દુઃખ કહીને ઓળખાવ્યું છે, કયાંય પણ કર્મના સ્થાનમાં સુખનો પ્રયોગ કર્યો નથી, માટે સુખ ભોગવવા કર્મનો સંગ્રહ કરવો જોઇએ એમ કહેનાર માનવી તાત્વિક દૃષ્ટિથી મોટી ભૂલ કરે છે. શુભ અથવા અશુભ બંને પ્રકારના કર્મનો સંગ્રહ આત્મિક ગુણોને ઝાંખા કરી નાખે છે, માટે એકેય કર્મ આત્માના ગુણસ્વરૂપ, જ્ઞાન, જીવન, સુખ આદિનો વિકાસ કરી શકે નહિં. જો કે મન, વચન, કાયાના યોગવાળો સકર્મક આત્મા ક્રિયા કર્યા વગર રહી શકે નહિ, એટલે તેને દરેક ક્ષણે સાત પ્રકારના કર્મનો સંગ્રહ થાય જ છે. તોયે સાચી સમજણ હોય તો ઘણા જ અલ્પ પ્રમાણમાં સંઘરે છે અને વધુ પ્રમાણમાં કર્મના કચરાને કાઢે છે, કારણ કે ઉપયોગવાળા જ્ઞાની દરેક પ્રવૃત્તિમાં ઉદાસીન ભાવે રહે છે.

માનવી અવતર્યા પછી અવ્યક્ત દશા છોડીને જયારે સમજતો થાય છે ત્યારે સંગ્રહના સંસ્કારને લઇને પૌદ્ગલિક વસ્તુઓના સંગ્રહની પ્રબળ ઇચ્છા ધરાવે છે. જડાસક્ત જનતાએ માનેલા પૌદ્ગલિક સુખના સાધનોનો સંગ્રહ કરે છે. અને પુન્યના પ્રમાણમાં મેળવી પણ શકે છે, છતાં તૃષ્ણા શાંત થતી નથી અને પુન્યથી પૂરી ન શકાય તેવી વસ્તુ મેળવવાના મનોરથ કરે છે. પણ પુન્ય ખરચાઇને ઓછું થઇ જવાથી મેળવેલી વસ્તુ પણ ખોઇ બેસે છે એટલે ઘણો જ ઉદ્વેગ કરે છે અને જીવનમાં દુઃખ અનુભવે છે. તોયે ધર્મ જેવી વસ્તુને–કે જે પૌદ્ગલિક સુખના સાધનને મેળવી આપનાર પુન્યનો ઉત્પાદક છે,–જાણતો પણ નથી. કદાચ કોઇ ધનાદિ સંપત્તિવાળો અને ધન માટે જ ધર્મ કરનારની સોબતને લઇને સાધુ મહાત્મા પાસે જઇને ઉપદેશ સાંભળતા ધર્મ કરવાથી પૌદ્ગલિક સુખનાં સાધન સારાં મળે છે એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળી જાય છે તો પ્રભુપૂજા આદિ ધાર્મિક કાર્યો પણ કરે છે. તેનો ઉદ્દેશ તો જનતાએ માની રાખેલી સુખની સામગ્રી મેળવવાનો જ હોય છે. ઉપયોગમાં આવે કે ન આવે, પણ ક્રોડોની સંપત્તિવાળો છું. બાગ, બંગલા, મોટર, દાસ-દાસી આદિનો સ્વામી છું, પુત્ર પૌત્રાદિ પરિવારવાળો છું. એવું અભિમાન તો માનવીનું પોષાવું જ જોઇએ. આ પ્રમાણે જડાસક્ત માનવી અજ્ઞાની જનતામાં માન મેળવી મોટા બનવાને માટે કિંમતી માનવ જીવન વેડફી નાખે છે. જો કે મરીને પરલોકમાં ગયા પછી કોઇની પણ પ્રશંસા સાંભળવા કે પોતાની માની રાખેલી સંપત્તિ જોવા પાછું આવવું નથી તોયે ધનના ઢગલા અને બાગ બંગલા આદિનો સંગ્રહ કરીને તેને પોતાની પાછળ મૂકી જવાની ધગશ વધારે રાખે છે. અજ્ઞાનતાને લઇને એટલું પણ સમજતો નથી કે મરી ગયા પછી લોકો મારી પ્રશંસા કરે કે મારી ધનસંપત્તિ જોઇને રાજી થાય તેમાં મારે કશું ય લેવાદેવા નથી કારણ કે, હું તો દેહ છોડ્યા પછી ધર્મ છોડીને ધન કમાવામાં આર્ત્તધ્યાન ઉપાર્જનથી કરેલા તિર્યંચના આયુષ્યના બળથી, ધનસંપત્તિ તથા બાગ બંગલા આદિ એકેંદ્રિયમાં આસક્ત રહેવાથી મરીને માટી, પથરા કે વનસ્પતિમાં પેદા થઇશ અને મારો મૃતદેહ અગ્નિમાં બળીને રાખોડી થઇ જશે, માટે મારે તો માનવજીવનમાં રહીને આત્મા ઉપર રહેલા કર્મનો કચરો કાઢી નાખવાનો પ્રયાસ કરવો જોઈએ. પણ જડાત્મક વસ્તુઓમાં આસક્ત રહીને અને ચોવીસે કલાક જડ વસ્તુઓના જ સંગ્રહના વિચારમાં લીન રહીને તે કચરાને વધારવો જોઇએ નહિં, પૌદ્ગલિક વસ્તુઓ મળે કે ન મળે તો પણ તેને મેળવવાને માટે વિચાર માત્ર પણ કરવામાં આવે તો આર્ત્તધ્યાનને લઇને તિર્યંચજાતિમાં ભોગવવા યોગ્ય આયુષ્ય આદિ કર્મનો સંગ્રહ થાય છે. જેને લઇને જીવ અનંત કાળ સુધી પણ તિર્યંચ ગતિમાંથી બહાર નીકળી શકતો નથી. સંસારમાં ધર્મહીન જડાસક્ત જીવો ભોગેચ્છાના પ્રમાણમાં સાધનો મેળવીને પૌદ્ગલિક સુખ ભોગવી શકતા નથી, તોયે ભોગતૃષ્ણાથી ચોવીસે કલાક આર્ત્તરૌદ્ર ધ્યાનગર્ભિત સંકલ્પ-વિકલ્પ કરીને નરક તથા તિર્યંચગતિમાં લઇ જનારા અને ત્યાં ભોગવવા લાયક કર્મનો સંગ્રહ વધુ પ્રમાણમાં કરે છે. પંચેંદ્રિય આદિ જીવોનો વધ ન કરનારા ધર્મહીન, મોજશોખમાં પડેલા જીવો પ્રાય: તિર્યંચ ગતિમાં ચાલ્યા જાય છે, કે જ્યાં પૂર્વજન્મમાં ઇચ્છા માત્રથી ભોગવેલી વસ્તુઓના અપરાધની સજા ભોગવતાં અનંતા કાળ સુધી અસહ્ય દુ:ખ ભોગવે છે, માટે બુદ્ધિશાળી ડાહ્યા માનવીઓ તો ટૂંકા જીવન માટે અને ક્ષણિક સુખ માટે અનંતા કાળ સુધી તિર્યંચ ગતિમાં રહેવાનું પસંદ કરતા નથી અને એટલા માટે જ સમ્યગ્ જ્ઞાન વગરના પણ જીવો દુ:ખથી ભયભીત થઈને પૌદ્ગલિક સુખ મેળવવાની ઇચ્છાથી પણ ધન, તૃષ્ણા છોડીને તપ જપ કરે છે.

જ્યાં સુધી મોહની તાબેદારી અમુક અંશે પણ ઓછી ન થાય ત્યાં સુધી જીવની સંગ્રહ ભાવનામાં ફેર પડતો નથી. બાહ્ય સંપત્તિના સંગ્રહને કાઢી નાંખનાર જીવોની પણ સંગ્રહ ભાવના જતી નથી. કાંઇ ને કાંઇ બહાનું બતાવીને પણ છોડેલી ઇંદ્રિય વિષયપોષક વસ્તુઓનો આડકતરી રીતે સંગ્રહ કરે છે. કદાચ કોઈ છોડેલી વસ્તુઓનો સંગ્રહ પણ ન કરે તોયે સંગ્રહના સંસ્કારોને લઇને મોહના દબાણથી ભાવી જીવનમાં છોડેલી વસ્તુઓ સુંદર અને સારા પ્રમાણમાં મેળવવાની ઈચ્છા રાખે છે. એટલે તેઓ કર્મનો કચરો કાઢી નાંખીને આત્માને સ્વચ્છ બનાવી શકતા નથી. સંપૂર્ણ મોહના દાસ, કષ્ટાનુષ્ઠાન કરીશું તો સદ્ગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી સુખી થઈશું એવી ભાવનાવાળા કેવળ બાહ્ય ત્યાગ જ કરી શકે છે. બાકી તેમની વૃત્તિઓમાં તો પૌદ્ગલિક સુખના ભોગની ભાવના રહેવાથી અંતરંગથી વસ્તુઓને છોડી શકતા નથી જેથી કરીને બાહ્ય સંગ્રહ વગર પણ કર્મનો સંગ્રહ તો કર્યા જ કરે છે કે જે એક બાહ્ય સંગ્રહસ્વરૂપ દેહ ધન, સંપત્તિ આદિનું ખાસ કારણ છે. કેવળ બાહ્યથી વસ્તુ છોડનાર, મોહની શીખવણીથી છોડેલી વસ્તુઓનો ઉપયોગ કરનાર બીજાઓની અવગણના કરે છે, આદરસત્કાર મેળવી પોતાની પ્રશંસા સાંભળવાની ઇચ્છાથી જનતામાં તેમને હલકા બતાવીને પોતાની ઉત્તમતા જાહેર કરે છે. આવી વર્તણુક તેમનું પુદ્ગલાનંદીપણું તથા સંગ્રહશીલતા સૂચવે છે; કારણ કે બીજાનો તિરસ્કાર, અદેખાઈ, અસહિષ્ણુતાને લઇને થાય છે અને પોતાનાં વખાણ કરાવવાની ઇચ્છા અભિમાનને અંગે હોય છે. આ બંને દ્વેષના અંગ છે અને પોતાની પ્રશંસા સાંભળી પ્રસન્ન થવું તે વિષયાસક્તિપણું હોવાથી રાગનું અંગ છે, એટલે રાગ દ્વેષના પરિણામને લઇને તેણે ભલે બાહ્યની ગમે તેટલી વસ્તુ છોડી હોય છતાં દર્શનમોહનીયના પ્રભાવથી કર્મનો કચરો ભેગો કરે છે. જો કે તે જરૂરત પડવા છતાં પણ છોડેલી વસ્તુઓ ન વાપરીને અને બીજી રીતે પણ કષ્ટ વેઠીને પુન્ય ઉપાર્જન કરે છે છતાં તે પણ કચરો જ હોવાથી આત્મા મલિન થાય છે પણ શુદ્ધ થઇ શકતો નથી. જીવ વિશેષના અધ્યવસાયને આશ્રયીને પુન્યબંધ બે પ્રકારે થાય છે. એક તો મોહને નિર્બળ બનાવનાર જ્ઞાની પુરુષો આત્મશુદ્ધિની જ દૃષ્ટિથી અશુભના સ્વતઃ ઉદયથી થવાવાળા કષ્ટોને અને શુદ્ધિના હેતુથી ક્રિયાનુષ્ઠાન કરતાં ઉદીરણા ઉદયથી ઉત્પન્ન થવાવાળા કષ્ટોને સમભાવે સહન કરતાં ભવસ્થિતિ પાકવાને કાંઇક વિલંબ હોવાથી જે કાંઇ પુન્ય કર્મ બાંધે છે તે તેમને આત્મવિકાસનું કારણ બને છે માટે તે કચરો નથી; પણ મોહની સત્તા નીચે દબાયેલો અને તેની આજ્ઞાને માથે ધારણ કરીને તેની શીખવણી પ્રમાણે વર્તનારો અજ્ઞાની જીવ પુદ્ગલાનંદીપણે વિષયાસક્તિથી બાહ્ય ત્યાગ તથા કષ્ટાનુષ્ઠાન કરીને જે કાંઇ પુન્ય ભેગું કરે છે તે વિલાસનું કારણ બનવાથી કચરા તરીકે કહેવાય છે, કારણ કે તેનાથી આત્મા મેલો જ થાય છે. મોહની સત્તામાંથી મુક્તિ મેળવીને અમુક અંશે સ્વતંત્ર બનનાર આત્માની સંગ્રહની ભાવના ભૂસાઇ ગયેલી હોવાથી તેમને સંગ્રહશીલ આત્માઓ ઉપર દ્વેષ હોતો નથી એટલે તેમની અદેખાઇ કરતા નથી તેમજ જનતામાં તેમને હલકા અને પોતાને ઉત્તમ જણાવતા નથી; કારણ કે તેમને અભિમાન ન હોવાથી પોતાની પ્રશંસાની ઇચ્છા ઉત્પન્ન થઇને દુઃખી કરતી નથી. કદાચ વસ્તુસ્વરૂપની વિચારણાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેનો સંગ્રહ ખોટો છે અને સંગ્રહશીલ આત્માઓ સાચી સંપત્તિ મેળવવાના અનધિકારી છે ઇત્યાદિ સમભાવે વર્ણન કરે છે.

આ પ્રમાણે ઉપર આત્માને જે સંગ્રહશીલ કહેવામાં આવ્યો છે તે ખાસ તો કર્મની અપેક્ષાને લઇને છે. બાહ્યથી નવો સંગ્રહ તો ઘણાય નથી કરતા અને જૂનો સંગ્રહ કાઢે છે, છતાં શુભાશુભ કર્મનો સંગ્રહ તો કરે જ છે એટલે બાહ્યથી વસ્તુ છોડનાર પણ સંગ્રહશીલ તો કહેવાય જ છે. જ્યાં સુધી કર્મનો સંગ્રહ થયા કરે છે ત્યાંસુધી આત્મા શુદ્ધ બનીને પોતાના ગુણોનો વિકાસ કરી શકતો નથી. જડાસકત પુદ્ગલાનંદી પણ બાહ્ય વસ્તુ છોડે છે છતાં રાગદ્વેષની પરિણતીની તીવ્રતાને લઇને પાંચે ઇંદ્રિયોમાં આસક્ત હોવાથી કોઇપણ ઇંદ્રિયની વિષયાસક્તિ પોષવાને માટે અજ્ઞાની જડાસકત જીવો આનંદ મનાવે તેવા પુદ્ગલાનંદીપણાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિ કેમ થવાય ?

લેખક—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૧૩૩ થી ચાલુ. )

**(૨) મધ્યમ સ્થિતિના કવિઓ**—જેઓ પ્રાથમિક સ્થિતિમાં પ્રસિદ્ધ કવિઓના કાવ્યોને વાંચે છે, તે વાંચતા ચિત્તમાં ચમત્કાર અનુભવે છે, કાવ્યમાં રસ ધરાવે છે, કાવ્ય કરનારાઓના પરિચયમાં આવે છે, ને તેથી તેઓને એમ થાય છે કે આપણે પણ કાવ્ય કરીએ, કવિતા રચીએ. તેઓ શરુઆતના પ્રયત્નોમાં ખાસ વિશિષ્ટ સંગત અર્થ વગરના કાવ્યો રચે છે. પૂર્વ કવિઓના કાવ્યોની છાયા લઇને કાવ્યો બનાવે છે. ને તેમ કરતાં કરતાં અમુક સમય જતાં ઠીક ઠીક શક્તિને મેળવે છે. મધ્યમ વર્ગને રંજિત કરે તેવી રચનાઓ પણ કરે છે.

વાકયાર્થ વગરની રચના આ પ્રમાણે—

પ્રભુતા વિભુતા ગુરુતા ભીરુતા,
સમતા મમતા ધરતા વરતા;
જમતા ભમતા પડતા રડતા,
રમતા ગમતા હસતા વસતા.
( તોડક )

એ ને એ પ્રમાણે પ્રથમ પ્રયત્નોમાં એક સરખા જણાતા તે તે છન્દોમાં બંધબેસતાં રુચિકર જણાતાં શબ્દોની ગોઠવણી કરાય છે. પછીથી છાયા લઈને કાવ્ય કરાય છે.

છાયા કાવ્યનું ઉદાહરણ—

'જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યા–દિકવિભવને જે થયાં મૌનધારી;
વ્હેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વન્દું છું તે ઋષભજિનને ધર્મધોરી પ્રભુને.'
॥૧॥ ( મંદાક્રાન્તા )

એ શ્લોકની છાયા ગ્રહણ કરી તેને સ્થાને આ પ્રમાણે બનાવે—

'જેણે આ સમયે સમસ્ત જનને,
સન્નીતિને શીખવી,
રાજ્યાદિ પરિવારને ત્યજી થયાં,
જે સંયમી વૈભવી;
સ્થાપી તીર્થ પ્રવર્તમાન કરતાં,
જે મુક્તિના માર્ગને,
તે શ્રી ધર્મધુરન્ધરાદિ જિનને,
વન્દું ત્રિધા ભક્તિએ.
॥ (શાર્દૂલ)

તે તે ગ્રન્થોના સ્તોત્રો વગેરેના ભાષાનુવાદો વગેરે પણ આ પ્રકારમાં આવે છે.

**(૩) અધમ સ્થિતિના કવિઓ**—જેઓમાં રસવૃત્તિ સાધારણ હોય છે ને સ્વાર્થ સવિશેષ હોય છે. તેઓ પ્રાચીન તથા સમ-

---

પોષક પ્રસંગો ઉપસ્થિત કરીને ધર્મ માને છે અને મનાવે છે, તે મોહનું દાસપણું સૂચવે છે; માટે તે જડાત્મક વસ્તુઓમાં સંગ્રહના સંસ્કારથી મુકત થયો નથી. એટલે તેનું સંગ્રહશીલપણું ન ભુંસાવાથી આત્મસંપત્તિ મેળવવાનો અનધિકારી છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી જેમ બને તેમ જડાત્મક બાહ્ય વસ્તુનો ત્યાગ કરીને આત્મગુણબાધક જડાત્મક કર્મનો સંગ્રહ કાઢી નાખવા મોહના દાસપણામાંથી મુકાઈ જવાની અત્યંત આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલીન કવિઓની પ્રશંસા, ને તે કવિઓને કાવ્યથી મળેલા લાભ આદિ સાંભળી કાવ્ય કરવા પ્રેરાય છે. તેઓના પ્રાથમિક પ્રયત્નોમાં જેમ તેમ કરી મહા મુશીબતે નાના નાના છન્દોમાં સાધારણ શ્લોકો રચે છે. સારા કવિઓની કૃતિઓમાં શબ્દો-પદો વગેરે ફેરવીને પોતે બનાવેલ છે એવું અભિમાન ધરાવે છે. ને છેવટે સાધારણ-ચમત્કાર વગરના શ્લોકો બનાવે છે.

**મહામહેનતે રચેલું સાધારણ કાવ્ય-** એક નાના ગામમાં ચાર બ્રાહ્મણો રહેતા હતા. શબ્દ રૂપાવલી વગેરે સાધારણ અભ્યાસ કરેલ. તેમની આજીવિકા ઠીક ઠીક ચાલતી હતી. એકદા તેમણે સાંભળ્યું કે રાજા ભોજ વિદ્વાનની કદર કરે છે. એક શ્લોકની એક લાખ સોનામહોર આપે છે. આ સાંભળી ચારે ભેગા થઇ ધારા નગરીના પાદરમાં આવ્યા. એક સુંદર વડવૃક્ષની છાયામાં બેસી રાજા ભોજને સંભળાવવા શ્લોક બનાવવા લાગ્યા. ઘણી મહેનતે ચારે જણાએ મળી અનુષ્ટુપ્ શ્લોકના બે પાદ એટલે અર્ધો શ્લોક રચ્યો તે આ પ્રમાણે—

**भोजनं देहि राजेन्द्र !, घृतसूपसमन्वितम् ॥**

ભોજરાજ! ભોજન દીયો, દ્યો ચોખા ઘી દાળ ॥

કહેવાનું સર્વ આ અર્ધ શ્લોકમાં પતી ગયું. નવીન કલ્પના કે શક્તિ ન હતી કે તેઓ શ્લોક પૂરો કરી શકે, ને શ્લોક પૂરો ન થાય તો ઈનામ મળે નહિં એટલે વિચાર કરતાં બેઠા હતાં તેટલામાં કવિ કાલિદાસ ત્યાંથી નીકળ્યાં. ચારેને જોઇ પૂછયું કે ક્યાંના છો ને શું વિચાર કરો છો? ચારેયે વસ્તુસ્થિતિ જણાવી એટલે આગળનો અર્ધશ્લોક કાલિદાસે પૂરો કરી આપ્યો. નીચે પ્રમાણે-

**माहिषं च शरच्चन्द्र-चन्द्रिकाधवलं दधि ॥ १ ॥**

શારદ શશિ જ્યોત્સના સમું,
દહીં મહિષીનું મનોહાર ॥ ૧ ॥

આ અને આવી જાતના કાવ્યો તે તદ્દન સાધારણ કોટિના ગણાય છે.

**શબ્દોના ફેરફારથી બનાવાતા કાવ્યો—**

**आदिमं पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ॥**
**आदिमं तीर्थनाथञ्च, ऋषभस्वामिनं स्तुमः ॥१॥**

એનો ફેરફાર કરી નીચે પ્રમાણે રચે-

**प्रथमं पृथिवीपाल-मग्रिमं निरवग्रहम् ॥**
**प्रथमं तीर्थनेतारं, नाभेयं समुपास्महे ॥१॥**

**અથવા—**

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી-
(કીધાં જેણે નિખિલજનને ન્યાયનાં જ્ઞાનવાળાં)
ત્યાગી રાજ્યા-દિક વિભવને જે થયાં માનધારી
(છોડી સર્વે ધન સ્વજનને સંયમી જે બન્યાં હાં)
વ્હેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
(ચાલ્યા જેથી સરસ મધુરાં મુક્તિના રાજરસ્તા)
વન્દું છું તે ઋષભ જિનને ધર્મધોરી પ્રભુને.
( પૂજું પ્રેમે પ્રથમ પ્રભુને ધર્મ ધુરન્ધરાં હાં )

એ પ્રમાણે શબ્દોનો ફેરફાર કરેલા કાવ્યો જાણવા.

**ચમત્કાર વગરના સાધારણ શ્લોકો—**

જઇ ગામમાં શાક ને લોટ લાવો,
વળી ઘી તથા તેલ ને શુદ્ધ માવો;
પછી ખાઇ ને ગાન ગાઓ બજાવો,
પડે રાત તો પાથરી સૂઇ જાવો. ૧

ન ચિન્તા કરો કાલની શું થવાનું ?,
થવાનું થવાનું ખરેખર થવાનું;
હશે તેનું જાશે ન તેનું શું થાશે ?,
બની શેઠ બન્દા મજેથી જ ખાશે. ૨

અમારું તમારું તમારું અમારું,
નથી કોઇનું કાંઇ તો શું તમારું;
મળે જ્યાંથી જે તે બધું લઈ જવાનું,
પછી મોજથી ખાઈ પીને સૂવાનું. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણોપાસક ધર્મભાવના

લેખકઃ—આ. શ્રી વિજયપદ્મસૂરિ.

પરમ કરુણાનિધાન પ્રભુશ્રી તીર્થંકર દેવે સમવસરણમાં દેશના દેતાં જણાવ્યું કે–માનવ જીવન એ સામાન્ય વસ્તુ નથી; કારણ કે તે દશ દૃષ્ટાંતે કરીને દુર્લભ છે. તેની સફળતાને માટે એટલે મુક્તિપદ મેળવવાને માટે પહેલા નંબરનો સ્ટીમરના જેવો જલ્દી મુક્તિપદ પમાડે તેવો માર્ગ એ છે કે પાંચ મહાવ્રતોની આરાધનારૂપ સર્વવિરતિ ચારિત્ર ધર્મની આરાધના કરવી, અને બીજા નંબરનો વ્હાણના જેવો દીર્ઘકાલે (ઘણા ટાઇમે) મુક્તિપદ પમાડે તેવો માર્ગ એ છે કે–બાર વ્રતોને આરાધનારૂપ દેશવિરતિ ધર્મની આરાધના કરવી એક માણસ સ્ટીમરમાં બેસે તો જલ્દી ઈષ્ટ નગરે પહોંચે, અને વહાણમાં બેસે તો ઇષ્ટ નગરે પહોંચતાં તે કરતાં (સ્ટીમરમાં બેસીને મુસાફરી કરનાર પુરુષ કરતાં) વધારે વખત લાગે છે. એમ સર્વવિરતિની પરમ ઉલ્લાસથી આરાધના કરનાર ભવ્ય જીવો જલ્દી મુક્તિપદ પામે એટલે મોડામાં મોડા ત્રીજે ભવે મોક્ષપદ પામે, અને દેશવિરતિની આરાધના કરનાર ભવ્ય જીવો મોડામાં મોડા આઠમે ભવે તો જરૂર મોક્ષપદ પામે. આ બાબતમાં શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે શ્રી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–**च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभान्। विरक्तो मुक्ति-**

---

આ અને આવા પ્રકારના કાવ્યો તે ચમત્કાર વગરના તદ્દન સાધારણ કોટિના કહેવાય છે. કોઈ તે તે પ્રસંગમાં તેવા વર્ણનના શ્લોકો આવ્યા હોય અને પ્રસંગને લઇને ચમત્કાર ઉત્પન્ન કરતાં હોય તો તેમાં ઉત્તમ કાવ્યપણું પણ સંભવે છે. પણ સાધારણ રીતે તેને સાધારણ કાવ્ય જ ગણવામાં આવે છે. એ રીતે ત્રણ પ્રકારના કવિઓ પ્રયત્નથી નીપજે છે.

## કવિત્વ ને અયોગ્ય જીવો—

જેઓ કેવળ શુષ્ક વ્યાકરણ શાસ્ત્ર ગોખ્યા કરે છે. પ્રકૃતિ ને પ્રત્યય, સમાસ ને વિગ્રહ, શબ્દરૂપ ને ધાતુરૂપ, તદ્ધિત ને કૃદન્ત, ગણપાઠ ને ધાતુપાઠ વગેરેમાં જ રચ્યાપચ્યા રહે છે. કોઈપણ શબ્દ કે વાકય આવે ત્યારે તેને તોડવા ફોડવા માટે જેઓ તૈયાર હોય છે. શબ્દના રૂપ રૂપાન્તરો સિવાય જેમને બીજા વિચાર જ આવતા નથી.

જેઓ પર્વત–ધૂમાડો–અગ્નિ–રસોડું–ઘટ–પટ–દંડ–ચક્ર–દોરી–કાર્ય–કારણ–હેતુ–હેત્વાભાસ વગેરેની વિચારણારૂપ બુદ્ધિને કર્કશ કરી તર્કશાસ્ત્રમાં લીન રહે છે. જેઓ મોટા મોટા પરિષ્કારો કંઠે રાખી બીજાને હરાવવામાં જ સર્વસ્વ માની રહ્યા છે.

'જેઓ **शास्त्रेषु भष्ट्राः कवयो भवन्ति**' (જેઓની મતિ શાસ્ત્રોમાં ન્યાય–વ્યાકરણ વગેરેમાં નથી ચાલતી તેઓ કવિ બને છે) '**रण्डागीतानि काव्यानि**' (કાવ્ય એ તો રાંડીરાંડના ગીત છે) વગેરે સાહિત્યશાસ્ત્રની નિન્દા સાંભળીને ઠગાયા છે, કાવ્યથી ઉદ્વિગ્ન બન્યા છે, કાવ્યથી દૂર દૂર ભાગે છે, જેઓ નીરસ છે. જેના મનમાં રસની લહેર પણ કોઈ વખત આવી નથી કે આવતી નથી.

તે સર્વ આ કાવ્યશક્તિ માટે અસાધ્ય છે, અનધિકારી છે; માટે કવિ બનવા માટે રસવૃત્તિનો વિકાસ એ અનન્ય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**माप्नोति, शुद्धात्मान्तर्भवाष्टकम्** ॥ १ ॥ (શ્લોક. ૧૫૫ ॥ ત્રીજા પ્રકાશમાં ) એટલે મહા પ્રભાવશાળી નિર્મલ શ્રાવક ધર્મની વિધિપૂર્વક ઉલ્લાસથી આરાધના કરનાર ભવ્ય-શ્રાવકોમાંના કેટલાએક શ્રાવકો જેવી જેવી આરાધના કરી હોય તે પ્રમાણે વૈમાનિક સ્વર્ગ તરીકે ઓળખાતા એવા સૌધર્માદિ દેવલોકમાં ૧ ઇંદ્રપણું, ૨ સામાનિક દેવપણું, ૩ ત્રાયસ્ત્રિંશ દેવપણું, ૪ પારિષદ્ય દેવપણું, ૫ લોકપાલ દેવપણું વિગેરેમાંની કોઇ પણ સ્થિતિને પામે છે. એટલે દેશવિરતિવંત શ્રાવક જો દેવલોકમાં જાય તો વૈમાનિક દેવ જ થાય. તેમાં પણ આભિયોગિક દેવપણું વિગેરે હલકા દેવપણું તો પામે જ નહિ. ત્યાં દેવપણામાં પણ તેને કોઇ પણ જાતની સુખના સાધનોમાં લગાર પણ ઓછાશ હોતી નથી; કારણ કે પાછલા માનવભવમાં દેશવિરતિની આરાધના કરીને પુણ્યાનુબંધીપુણ્યની જે ઘણી મૂડી એકઠી કરેલી છે તેને અહીં પણ ભોગવે છે. દેવલોકનું આયુષ્ય પૂરું કરીને તે ( શ્રાવકનો જીવ ) અહીં ઉત્તમ સામગ્રી સહિત મનુષ્યભવ પામીને, સંયમની નિર્મલ આરાધના કરીને મુક્તિપદને પામે. આ વખતે કેટલાએક શ્રાવકો કદાચ મુક્તિપદ ન પામે તો હવે પછીના બીજા સારા સારા દેવભવ અને મનુષ્યના ભવ કરીને છેવટે આઠમા ભવે તો જરૂર સિદ્ધિપદને પામે. જેમાં શુદ્ધ સ્વરૂપી શ્રી જિનેશ્વર પ્રભુને દેવ તરીકે માનવાનું હોય, અને કંચન-કામિનીના સંગથી તદ્દન અલગ રહેનારા, મહાવ્રતધારી, શાંત, સદ્દગુણી શ્રમણ નિર્ગ્રંથ મહાત્માઓને ગુરુ તરીકે માનવાનું હોય; તથા શ્રી વીતરાગ દેવે ફરમાવેલ અહિંસા, સંયમ, તપોમય નિર્મલ ધર્મને માનવાનું હોય. આવું શ્રાવકપણું પ્રબલ પુણ્યશાળી ભવ્ય જીવો જ પામી શકે, માટે એવા શ્રાવકપણાની પ્રશંસા કયા વિવેકી અને બુદ્ધિશાળી ભવ્ય જીવો ન કરે ? અર્થાત્ સર્વ કોઇ આવા નિર્મળ શ્રાવકપણાની જરૂર પ્રશંસા કરે. કહ્યું છે કે-**जिनो देवः कृपा धर्मो गुरवो यत्र साधवः ॥ श्रावकत्वाय कस्तस्मै, न श्लाघेताविमूढधीः ॥ १ ॥** કર્મશાસ્ત્ર( પંચસંગ્રહ વિગેરે )ના વિચાર પ્રમાણે કર્મોના વિશિષ્ટ ક્ષયોપશમથી આવી ઉત્તમ સ્થિતિ પામી શકાય, એટલે અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી દેશવિરતિ ગુણ પ્રગટ થાય, એમ સામાન્યથી કહી શકાય. અને વિસ્તારથી એમ કહી શકાય કે આ જીવ જ્યારે આયુષ્ય કર્મ સિવાયના સાતે (૭) કર્મોની સ્થિતિ ઓછી કરતાં કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે કરીને ન્યૂન (ઓછી) એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ રાખે ત્યારે ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ ગુણ પામે. ત્યાર બાદ બાકી રહેલાં બેથી નવ પલ્યોપમ પ્રમાણ સ્થિતિ ઓછી થાય ત્યારે દેશવિરતિ ગુણ પ્રકટ કરે. કહ્યું છે કે:-**सम्मत्तम्मिउ लद्धे, पलियपुहुत्तेण सावओ हुज्जा । चरणोवसमखयाणं, सागरसंखंतरा हुंति ॥ १ ॥** એ પ્રમાણે દેશવિરતિ ગુણને પ્રકટ કરવામાં કર્મોનો ક્ષયોપશમ કારણ છે, એમ જણાવીને કયા કયા સાધનોની સેવનાથી તે ક્ષયોપશમ (ક્ષય, ઉપશમ) થાય; તે જરૂર જણાવવું જોઇએ. તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાલ, (૪) ભાવ, (૫) ભવ આ પાંચ કારણોમાંના કોઇ પણ કારણને લઇને કર્મોનો ક્ષયોપશમ, ક્ષય, ઉપશમ થાય ( તેમજ કર્મોનો ઉદય પણ થાય ) આ બાબતમાં કહ્યું છે કે:-**उदयक्खयखओवसमो-वसमा जं च कम्मुणो भणिया । दव्वं खित्तं कालं, भावं भवं च संपप्प ॥ १ ॥**

પ્રશ્ન-દ્રવ્યના નિમિત્તે કર્મનો ઉદય, ક્ષયોપશમ વિગેરે કઇ રીતે થાય ?

ઉત્તર-બ્રાહ્મી શંખાવલી આદિ ઔષધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવાથી બુદ્ધિનો વિકાસ (વધારો) થાય એટલે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવામાં બ્રાહ્મી વિગેરે કારણ છે.

એ પ્રમાણે દહીં વિગેરે પદાર્થો ખાવાથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય. તેથી ઉંઘ આવે. શ્રેયાંસકુમારને પ્રભુના દર્શનથી અને આર્દ્રકુમારને શ્રી આદિનાથની પ્રતિમાના દર્શન કરવાથી મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો, જેથી જાતિસ્મરણ જ્ઞાન થયું. સિજ્જંભવસૂરિજી મહારાજને શ્રી શાંતિનાથના બિંબને જોવાથી અનંતાનુબંધી આદિનો ક્ષયોપશમ થયો, ને સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યો.

**પ્રશ્ન**:–ક્ષેત્ર, કાલ, ભાવ અને ભવ નિમિત્તે કર્મનો ક્ષયોપશમ વિગેરે કઇ રીતે થાય ?

ઉત્તર—(૨) શ્રી સિદ્ધાચળ વિગેરે તીર્થોમાં ત્યાંના ક્ષેત્રના પ્રભાવે દાનાન્તરાયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય, જેથી દાન, શીલ, તપ વિગેરેની આરાધના કરવામાં ત્યાં વધારે ઉલ્લાસ દેખાય. જ્યાં તેવું ન દેખાય, ત્યાં તે ક્ષેત્રના નિમિત્તે તે કર્મનો ઉદય હોય. ક્ષયોપશમના કારણોની માફક જ કર્મના ક્ષય અને ઉપશમનાં કારણો સમજાય તેવા છે. (૩) પર્યુષણાદિ ઉત્તમ કાલના પ્રભાવે વીર્યાન્તરાયાદિ કર્મોનો ક્ષયોપશમ થાય, જેથી તેવા અવસરે ધર્મારાધનામાં વીર્યોલ્લાસ વધારે હોય છે વિગેરે. (૪) શ્રી મરુદેવા માતાને અને શ્રી ભરત મહારાજાને ઉત્તમ ભાવ (અનિત્યાદિ ભાવના) જાગતાં કેવલજ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થયો, જેથી કેવલજ્ઞાન વિગેરે આત્મિક ઋદ્ધિ પામ્યા વિગેરે. (૫) દેવભવમાં અને નરક ભવમાં સમ્યગ્દષ્ટિ જીવોને તે તે ભવરૂપ નિમિત્તને લઇને જ અવધિજ્ઞાનાવરણીય કર્માદિનો ક્ષયોપશમ થાય, જેથી તેઓ અવધિજ્ઞાન વિગેરે પામે. આમાંથી સમજવાનું એ કે–ઉત્તમ દ્રવ્યાદિની સેવના કરવી જોઇએ. કરુણાનિધાન શ્રી મહાવીર દેવે બે પ્રકારનો ધર્મ ફરમાવ્યો છે (૧) સર્વવિરતિ ધર્મ (૨) દેશવિરતિ ધર્મ. તેમાં સર્વવિરતિ ધર્મમાં સંપૂર્ણ રીતે આરંભાદિ આશ્રવોને છોડવાનું હોય છે. અને તે પરમ શાંતિને જલ્દી પામવાનું અપૂર્વ સાધન છે. આવી રાગ, દ્વેષ, મદ અને મોહ વિનાની ત્યાગ દશાને પામેલા આસન્નસિદ્ધિક ભવ્ય જીવો ભલેને ઘાસના સંથારા ઉપર બેઠા હોય, તોપણ જે આનંદ અને સુખ ભોગવે છે તેવું સુખ ઇંદ્ર અને ચક્રવર્તી રાજાઓને પણ હોતું નથી. કહ્યું છે કે “ **नैवास्ति देवराजस्य, तत्सुखं नैव राजराजस्य । यत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥ १ ॥ तणसंथारनिसण्णोऽवि, मुणिवरो भट्टरागमयमोहो ॥ जं पावइ मुत्तिसुहं, कत्तो तं चक्कवट्टीवि ॥ २ ॥** ” આવો વિચાર કરીને પૂરેપૂરા ઉલ્લાસથી ઘણાંએ ભવ્ય જીવો સર્વવિરતિ ચારિત્ર ધર્મને સાધે છે, અને તેમ કરવાને અસમર્થ એવા ભવ્ય જીવો સર્વવિરતિના રાગી બનીને બાર વ્રતની આરાધના કરવા સ્વરૂપ દેશવિરતિ ધર્મની સાધના કરે છે. શ્રાવક જીવનને સંતોષમય બનાવવા માટે અને મર્યાદિત કરવાને માટે વિરતિ ધર્મની આરાધના એ અપૂર્વ સાધન છે. વ્યાજબી જ છે કે જેમ વાડ કરીએ તો ખેતરમાં ઉગેલું ધાન્ય સચવાય, તેમ શકિતને અનુસારે બારે વ્રતોની આરાધના કરવાથી શ્રાવક જીવન નિર્દોષપણે જળવાય તથા આકરા કર્મબંધથી બચાય, અને બંને ભવ સફલ કરી શકાય. આ ઇરાદાથી બારે વ્રતોનું ટૂંકામાં સ્વરૂપ જણાવવું જરૂરી છે. તે આ પ્રમાણે ૧ સ્થૂલ પ્રાણાતિપાતવિરમણવ્રત. ૨ સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત. ૩ સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રત. ૪ સ્થૂલ મૈથુનવિરમણવ્રત. ૫ સ્થૂલ પરિગ્રહવિરમણવ્રત. ૬ દિશિ પરિમાણવ્રત. ૭ ભોગોપભોગ પરિમાણવ્રત. ૮ અનર્થદંડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સામયિક ચેતવણી.

અનુ–' અભ્યાસી '

શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥**

અર્થાત્ તું સુખ રહિત તેમજ ક્ષણભંગુર મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને નિરંતર મારું જ ભજન કર.

આ મનુષ્યજીવન ક્ષણભંગુર અને દુઃખરૂપ છે. આજ જેને આપણે સાજાતાજા જોતા હોઇએ એના સંબંધમાં આપણે કાલે સાંભળીયે કે અચાનક તેનાં હૃદયની ગતિ બંધ થઇ ગઇ અને તેની જીવન–લીલા સમાપ્ત થઈ ગઇ. આપણે જીવનમાં અનેક પ્રકારના મનસૂબા બાંધીયે છીએ, આકાશ–પાતાળ એક કરવાની ચેષ્ટા કરીએ છીએ, પરંતુ મૃત્યુનો નિર્દય હાથ એકાએક આવીને આપણા મનના મહેલોને પાડી દે છે અને આપણી બધી યોજનાઓ પડી રહે છે. જીવનની અપેક્ષાએ મૃત્યુ વધારે નિશ્ચિત છે. આપણે કેટલા દિવસ જીવશું એ કોઈ બતાવી શકતું નથી, પરંતુ આપણું મૃત્યુ તો નિશ્ચિત છે જ. જે જન્મે છે તે અવશ્ય મરવાનો જ. શ્વાસ આવ્યો અને ચાલ્યો ગયો. એનો ભરોસો શો ? જરા તાવ આવ્યો, ન્યુમોનિયા થઇ ગયો, જીવ ચાલ્યો ગયો. જરા ફોટકી થઇ, એમાં ઝેર પેદા થયું અને એ ઝેર આખા શરીરમાં ફેલાઈને મૃત્યુનું કારણ બની ગયું. આબાલ વૃદ્ધ સૌની આ જ દશા છે. વૃદ્ધો તો રોગના આક્રમણને વધારે વખત સહન કરતાં જોવામાં આવે છે. આજકાલના નવજુવાનોની દશા તો એવી છે કે આઠ દસ દિવસ તાવ આવ્યો કે સમાપ્ત. અત્યારે તો એવા મોત જોવા સાંભળવામાં આવે છે કે આપણાં રૂંવાડા ખડા થઇ જાય છે કે દિલ હલી ઊઠે છે. કોઇના લગ્ન છ મહિના પહેલા જ થયા હોય, તો કોઇ પોતાના વૃદ્ધ માતા પિતાનો એકનો એક જ લાડકવાયો પુત્ર હોય, તેની આંખોનો તારો હોય, તેના જીવનનો એક માત્ર આધાર હોય.

---

વિરમણવ્રત. ૯ સામાયિકવ્રત. ૧૦ દેશાવકાશિકવ્રત. ૧૧ પૌષધોપવાસવ્રત. ૧૨ અતિથિ સંવિભાગવ્રત. આ બાર વ્રતોમાં શરૂઆતના પાંચ વ્રતો અણુવ્રત તરીકે ઓળખાય છે; કારણ કે એ મુનિ ધર્મના પાંચ મહાવ્રતોની અપેક્ષાએ નાના છે. બાકીના ૬, ૭, ૮ મા નંબરના ત્રણ વ્રતો અણુવ્રતોને મદદગાર ( લાભદાયક ) હોવાથી ગુણવ્રત કહેવાય છે, અને છેવટના ચાર વ્રતો શિક્ષા( વારંવાર સેવવા )રૂપ હોવાથી શિક્ષાવ્રત કહેવાય છે. એટલે જેમ વિદ્યાર્થી ધર્મપ્રધાન વિદ્યાનો વારંવાર અભ્યાસ કરે, તેમ વ્રતધારી શ્રાવકોએ અણુવ્રતોને ટકાવવાને માટે તથા તેઓની નિર્મલ આરાધના કરવાને માટે આ ચારે નિયમો વારંવાર સેવવા જોઇએ. આ મુદ્દાથી એ ચારે વ્રતો 'શિક્ષાવ્રત' આવા નામથી ઓળખાય છે. આવા બાર વ્રતોની આરાધના કરવારૂપ દેશવિરતિ ધર્મમાં સમ્યગ્દર્શન મુખ્ય છે, એટલે સમ્યક્ત્વ ગુણ સહિત કરેલી વ્રતોની આરાધના યથાર્થ ( સાચી ) કહેવાય. આ ઈરાદાથી ટૂંકામાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ જણાવવું જોઇએ તે આ પ્રમાણે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આજકાલ મૃત્યુ એથી પણ વધારે સુલભ થઇ ગયું છે. કોઇ ઠેકાણે પૂર આવ્યું, અનેક ગામો એકી સાથે તણાઇ ગયા, લોકો સૂતા જ રહ્યા. ભૂકમ્પ આવ્યો અને અનેક શહેરોનો નાશ થઇ ગયો. કોઇ રોગચાળો આવ્યો અને હંમેશાં હજારો માણસો મરણશરણ થઇ ગયા. કોઈકોઇ સ્થળે હજારો લોકો ભૂખમરાનો ભોગ થઇ પડે છે. પરિણામે રણચંડી ભયાનક રૂપ ધારણ કરીને લાખો મનુષ્યોનો સંહાર કરી રહેલ છે. આપણે જેના પર આટલા બધા ઝઝુમીએ છીએ તે જીવનની આ દશા છે, છતાં આપણે ચેતતા નથી અને ક્ષણિક વિષયસુખ પાછળ આ દેવદુર્લભ અમૂલ્ય જીવનને નકામું નષ્ટ કરી રહ્યા છીએ. આપણો પ્રત્યેક શ્વાસ એટલો અમૂલ્ય છે કે આપણે એક લાખ રૂપિયા આપીને પણ ખરીદી નથી શકતા. અમૂલ્ય નિધિને આપણે આળસ્ય-પ્રમાદ, મોજશોખ, અને ભોગવિલાસમાં ગુમાવી રહ્યા છીએ. હીરાને કોડીને મૂલ્યે વેચી રહ્યા છીએ. આથી વધારે મૂર્ખતા કેવી હોઇ શકે ?

આ જીવન કેવળ અનિત્ય અને ક્ષણભંગુર જ નથી, પણ દુઃખરૂપ પણ છે. આપણે જ્યાં જ્યાં દૃષ્ટિ નાખીયે છીએ ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખ જ નજરે પડે છે. બચપણથી માંડીને મૃત્યુ પર્યંત દુઃખનું જ એકછત્ર સામ્રાજ્ય જોવામાં આવે છે. જન્મ, જરા, મૃત્યુ અને વ્યાધિએ આપણને ચારે બાજુથી જકડી રાખ્યા છે. જન્મમાં દુઃખ, મૃત્યુમાં દુઃખ, જરામાં દુઃખ અને વ્યાધિ તો દુઃખરૂપ છે જ. જન્મતી વખતે જ નહિ પણ માતાના ગર્ભમાં આવતાં વેંત જીવને ચારે તરફથી દુઃખ ઘેરી લે છે. માતાના ઉદરમાં જીવ જ્યાંસુધી રહે છે ત્યાંસુધી તે ઘોર કષ્ટનો અનુભવ કરે છે. તે ચારે બાજુ માંસ-મજ્જા, રૂધિર-કફ અને મલ-મૂત્ર વગેરે દુર્ગંધ યુક્ત પદાર્થોથી ઘેરાયલો રહે છે. હાલીચાલી શકતો નથી. ઉપર પગ અને નીચે માથું કરીને પડ્યો રહે છે. સુખે કરીને શ્વાસ પણ નથી લઇ શકતો અનેક પ્રકારના કૃમિ તેની કોમળ ત્વચાને ચોંટેલા હોય છે. માતા કદિ ભૂલથી કોઈ ક્ષારયુક્ત અથવા દાહક પદાર્થ ખાય છે તો તેનાથી ગર્ભસ્થ બાળકની ત્વચા બળવા લાગે છે. તે તો એ બધાં કષ્ટ ચૂપચાપ સહન કરે છે. તે સમયે તેને કોઇ કશી મદદ કરી શકતું નથી. વળી તેને પૂર્વજન્મોની સ્મૃતિ પણ સતાવવા લાગે છે. આ રીતે તે અત્યંત દુઃખી અવસ્થામાં પોતાનું ગર્ભજીવન વ્યતીત કરે છે. ગર્ભમાંથી બહાર નીકળતી વખતે પણ તેને ઘોર યંત્રણા થાય છે, તે ચેતનાશૂન્ય થઇ જાય છે. તે સમયે તેવા કઇંક બાળકો તે કષ્ટ સહન ન કરી શકવાને કારણે પ્રાણ ત્યાગી દે છે. મૃત્યુ સમયના દુઃખ આપણે સાવ બરાબર જોઇએ જ છીએ. તે વખતે મનુષ્યની કેવી અસહાય અવસ્થા થઇ જાય છે ? તેના રોમ રોમથી નૈરાશ્ય ટપકવા લાગે છે. તે કેવા કષ્ટથી પ્રાણ ત્યાગે છે ? જે ઘર-જમીન, સ્ત્રી-પુત્ર, ધન-દોલતને તેણે અત્યંત મમતાપૂર્વક પાળ્યા પોષ્યા, પોતાના જીવન કરતા પણ વધારે ગણ્યા, અને જેની રક્ષા માટે તેં અનેક પ્રકારના કષ્ટ સહ્યા, લોક પરલોકની પણ પરવા ન કરી, જેની પાછળ કોણ જાણે કેટલાય લોકોના મન દુઃખાવ્યા, કેટલાયના હક્ક ગુમાવ્યા, કેટલાયની સાથે વેર બાંધ્યું. એ બધું એકાએક તજી દેવામાં કેટલા મહાન કષ્ટનો અનુભવ થાય છે તે મરનાર જ જાણી શકે છે. આપણે બધાએ આપણાં પૂર્વજન્મોમાં એ એ કષ્ટનો અનુભવ કર્યો છે અને આ જીવનનો અંત આવતાં આપણામાંનાં ઘણાને પાછો કરવો પડશે. ઘડપણનાં દુઃખો પણ આપણાથી અજાણ્યા નથી. વૃદ્ધાવસ્થામાં મનુષ્યની બધી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે, દૃષ્ટિ મન્દ થઇ જાય છે, કાનોથી બરાબર સંભળાતું નથી, ચામડી સંકોચાઇ જાય છે, દાંત પડી જાય છે, ટેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગર ચાલવું મુશ્કેલ પડે છે, ઘરના માણુસો અનાદર કરવા લાગે છે, બુદ્ધિ પણુ કુંઠિત થઈ જાય છે અને અનેક પ્રકારની ચિંતાઓ ઘેરી લે છે. વ્યાધિનો તો કોઇ ને કોઇરૂપે આપણને સર્વને થોડોઘણો અનુભવ છે. આપણા શાસ્ત્રકારોએ આ શરીરને વ્યાધિઓનું ઘર કહ્યું છે. '**शरीरं व्याधिमन्दिरम्**' સિદ્ધ પુરુષો સિવાય સૌને ન્યૂનાધિક રૂપમાં વ્યાધિઓનો ભોગ બનવું પડે છે. મોટા મોટા મહાત્માઓ તથા લોકોપકારી વ્યકિતઓને પણુ વ્યાધિઓએ છોડ્યા નથી. સ્વસ્થમાં સ્વસ્થ, બળવાનમાં બળવાન મનુષ્યને પણુ તેની આગળ મસ્તક ઝુકાવવું પડે છે. આ રીતે આપણે જોઇએ છીએ કે જીવનમાં અનેક બાજુ દુ:ખની જ બોલબાલા છે. જેને આપણે સુખ કહીએ છીએ તે પણુ દુ:ખમિશ્રિત, પરિણામે દુ:ખદાયી અને વાસ્તવિક રીતે દુ:ખરૂપ જ છે.

મહર્ષિ પતંજલિ કહે છે—

**परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्ति,**
**विरोधाच्च दुःखमेव सर्वं विवेकिनः ।**

(૧) પ્રત્યેક સુખનું પરિણામ દુ:ખદાયી હોય છે. (૨) એ સિવાય પ્રત્યેક સુખમાં તારતમ્ય તો હોય છે. એવી સ્થિતિમાં થોડા સુખવાળાને બીજાનું વધારે સુખ જોઈને સ્વાભાવિક ઇર્ષા થાય છે અને ઇર્ષ્યા દુ.ખરૂપ જ છે. (૩) એટલું જ નહિ પણુ જે સુખ પ્રાપ્ત થઇને નષ્ટ થઇ જાય છે તેની સ્મૃતિ અતિ દુ:ખદાયી હોય છે. તેને યાદ કરી કરીને માણુસ ખૂબ દુઃખી થાય છે. (૪) વળી કોઈપણુ સુખ દુ:ખથી રહિત નથી હોતું, પ્રત્યેકમાં દુ:ખનું મિશ્રણુ જરૂર હોય છે. પાંચમી વાત એ છે કે સુખી મનુષ્ય પણુ સાત્વિક, રાજસ અને માનસ વૃત્તિયોના સંઘર્ષથી દુ:ખી રહે છે. આ પાંચ કારણોને લઇને વિવેકી પુરુષ સઘળું દુ:ખમય જ જુએ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આ દુ:ખોથી બચવાનો ઉપાય શો ? શાસ્ત્રો કહે છે કે સ્વેચ્છાપૂર્વક વિષયોના ત્યાગમાં જ સુખ છે. ભોગબુદ્ધિથી વિષયોનો સંગ્રહ દુ:ખનું મૂળ છે. આપણે ભ્રમથી વિષયોમાં સુખ માની રહ્યા છીએ. વસ્તુત: જેની પાસે વિષયોનો જેટલા વધારે સંગ્રહ હોય તે તેટલો જ દુઃખી છે અને જે જેટલા અપરિગ્રહી છે તે તેટલો જ સુખી છે. ધનની ત્રણ ગતિઓ માનવામાં આવી છે—દાન, ભોગ અને નાશ. આપણા શાસ્ત્રોએ દાનને જે સર્વોત્તમ ગતિ માની છે, એ જ ધનનો સર્વશ્રેષ્ઠ સાચો ઉપયોગ છે. ધનનાં રક્ષણુનો પણુ સર્વોત્તમ ઉપાય દાન જ છે. એ જ ધન સુરક્ષિત છે જે આપણે બીજાની સેવામાં વાપરીએ છીએ. ધનનો નાશ એક દિવસ અવશ્યભાવી છે, પછી આપણે એને ભોગ નિમિત્તે ખર્ચ કરીને નષ્ટ કરી દઇને, કોઇ ઉપાડી જાય, સરકાર કરના રૂપમાં લઈ જાય અને આપણે જ એને છોડીને સંસારમાંથી ચાલ્યા જઇએ. દરેક સ્થિતિમાં આપણે એનાથી વિયોગ થવાનો જ, એને અક્ષય બનાવવાનો—સ્થાયી બનાવવાનો એક માત્ર ઉપાય એનો ઉપયોગ જનતાની સેવામાં અથવા દરિદ્રનારાયણુની સેવામાં કરવો એ જ છે. જનતામાં ધનનો ઉપયોગ ન કરતાં જે એનો ઉપયોગ પોતાનાં કાર્યમાં જ કરે છે તે અપરાધી છે. દંડને પાત્ર છે. '**स स्तेनो दण्डमर्हति**'

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં પણુ કહ્યું છે કે—

**यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।**
**भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥**

લૌકિકમાં કહેવાય છે—કે યજ્ઞથી બચેલું અન્ન ખાનાર શ્રેષ્ઠ પુરુષ સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે. અને જે પાપી લોકો પોતાનાં શરીર પોષણુ અર્થે જ અન્ન પકાવે છે તે પાપને જ ખાય છે. એવા લોકો અઘાયુ-પાપજીવી કહેવાય છે. અને તેઓનું સંસારમાં જીવવું પણુ વ્યર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'**अघायुरिन्द्रियासमो मोघं पार्थ! स जीवति**'

પરંતુ આપણાથી એટલું બધું ન થઇ શકે તો પણ ઓછામાં ઓછું આપણી આવકનો, સંપત્તિનો છઠ્ઠો ભાગ તો અવશ્ય ધર્મકાર્યોમાં વાપરવો જોઇએ. ધર્મને તો આપણો ચલાવ્યો જ ચાલી શકે છે. રાજાની માફક તે આપણી પાસેથી બળજબરીથી કર વસુલ નથી કરતો, જેવી રીતે આપણે ભોગ નિમિત્તે ધનને પાણીની જેમ વાપરીએ છીએ, લગ્ન આદિ સામાજિક કાર્યોમાં મોટા ખર્ચ કરીએ છીએ, કીર્તિખાતર અથવા સરકારની પ્રસન્નતા પ્રાપ્ત કરવા ખાતર મોટી રકમ ખર્ચીએ છીએ તથા સરકારી અમલદારોને મોટી મોટી પાર્ટીઓ આપીએ છીએ તેવી રીતે આપણી આવકનો અથવા સંપત્તિનો ઓછામાં ઓછો છઠ્ઠો ભાગ લોકોપકારના કાર્યોમાં વાપરીએ, લોક સેવક ટ્રસ્ટમાં અમુક ભાગ પરિવર્તિત કરી દઈએ અને એના પર આપણું બિલકુલ સ્વત્વ ન રહે. કહેવાની જરૂર નથી કે ઉપર્યુકત કાર્યો નિમિત્તે ધનવ્યય કરવામાં સરકાર પણ આપણને પ્રોત્સાહન આપે છે એનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે ધાર્મિક તેમજ લોકોપકારના ફંડો ઉપર સરકાર તરફથી ઈન્કમ ટેકસ વગેરે કોઇ પ્રકારના કર લેવામાં નથી આવતા. આજ કાલ ઇન્કમટેકસ આદિ કરથી બચવા માટે આપણા અનેક વેપારી ભાઈઓ જૂઠ-કપટનો આશ્રય લેતા જોવામાં આવે છે. એ રીતે અન્યાયથી લાખો રૂપિયાની જે બચત કરવામાં આવે છે તે ન કરતાં લોકોપકાર નિમિત્તે ટ્રસ્ટ ધરાવી એ ધનને લોકોપકારમાં જ ખર્ચે, પોતાના કાર્યમાં બિલકુલ નહિ. એ રીતે લોકોપકારનાં કાર્યોમાં જે કંઈ ખર્ચવામાં આવશે તે જ અક્ષય થઇ જશે. આપણે ભોગબુદ્ધિથી જે કાંઇ વાપરીએ છીએ તે તો આપણા મૃત્યુ પછી અહિ જ પડયું રહેશે, તેમાંથી એક પાઇ પણ આપણી સાથે નહિ આવે. એક સોય પર પણ આપણો અધિકાર નહિ રહે. પરંતુ ધર્મના નામે આપણે જે કાંઇ ખર્ચ કરશું તે પરલોકમાં પણ આપણને પ્રાપ્ત થશે. આપણે કોઇ ફલની કામનાથી એમ કરશું તો મરણ પછી આપણને સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થશે. જ્યાંનું સુખ અહિંના સુખની અપેક્ષાએ હજારોગણું વધારે છે. અને જો આપણે ભગવત્સેવાની ભાવનાથી લોકોપકારી કાર્યોમાં ધનવ્યય કરશું તો તે પણ આપણાં કલ્યાણનું પરમ સાધન બની જશે. આપણે જન્મ મૃત્યુના બંધનથી હમેશને માટે છૂટીને પરમધામમાં જશું, જ્યાં અક્ષય સુખનો નિવાસ છે અને દુઃખનો અંશ પણ નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે કે-**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।**

ધર્મ નિમિત્તે જે કાંઇ વ્યય કરવામાં આવે છે તેમાં વીમો ઉતરી જાય છે. તેને ચોર ચોરી શકતો નથી, લૂંટારો લૂંટી શકતો નથી, રાજા છીનવી શકતો નથી પરંતુ આપણે અજ્ઞાનમાં ડૂબેલા હોવાથી ચોરી, લૂંટ, રાજદંડ, અગ્નિ વગેરેના ઉપદ્રવ સહન કરી લઇએ છીએ, પરંતુ સ્વેચ્છાથી ધર્મનો દંડ સ્વીકારતા નથી.

દાનના તો અનેક માર્ગ છે, પરંતુ અત્યારે સૌથી વધારે આવશ્યકતા આપણા દેશમાં ભૂખ્યાને અન્ન, વસ્ત્રહીનને વસ્ત્ર તથા રોગીઓને ઔષધ આપવાની છે. આજ તો આખા દેશમાં જ્યારે અન્ન સંકટ જોવામાં આવે છે. અનેક સ્થળે લોકો અન્ન વગર ભૂખ્યાં મરી જાય છે. ભૂખની ભયાનક યંત્રણાથી બચવા માટે લોકો આપઘાત કરે છે એવું પણ સાંભળવામાં આવે છે, માબાપો પોતાના બાળકોનો ત્યાગ કરે છે, કેટલીક જગ્યાએ ભૂખથી પીડિત થઇને માબાપ પોતાની યુવાન કન્યાઓને વેચી નાખે છે. આવાં કરુણ દૃશ્ય જોઇને પથ્થર પણ પીગળી જાય છે. આપણી મા બહેનો પાસે લાજ ઢાંકવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્ત્રનો ટુકડો પણ નથી તેમજ ભૂખથી નિર્બળ સ્ત્રી પુરુષો અનેક પ્રકારના રોગના ભોગ થઇ રહ્યા છે. આ વખતે આપણા ધનવાન ભાઇઓનું પરમ અને પ્રથમ કર્તવ્ય છે કે ખુલ્લા હાથે પોતાના ગરીબ ભાઇબહેનોને મદદ કરે, તેઓને મોતના મ્હોંમાં પડતાં બચાવે, અન્ન વગરના માટે અન્નની, વસ્ત્ર વગરના માટે વસ્ત્રની તથા રોગીઓ માટે ઔષધની વ્યવસ્થા કરે તથા જે લોકો દાન લેવા ન ઇચ્છતા હોય તેઓ માટે સસ્તા અનાજની દુકાનો ખોલે.

સારાંશ એ છે કે વર્તમાન સમય લોકસેવા માટે અત્યંત ઉપયોગી છે. આપણા ધનવાન ભાઇઓએ આ અવસરનો લાભ લઈને પોતાની સંપત્તિને સેવાનાં કાર્યોમાં વધારેમાં વધારે ઉપયોગ કરવો જોઇએ. ધનની ખરી સાર્થકતા એમાં જ રહેલી છે. આવી તક હાથથી ચાલી જશે તો પસ્તાવા સિવાય કશું નહિ રહે. ધનની સાથેસાથ આ જીવનનો પણ કોઇ વિશ્વાસ નથી. આજ છે તે કાલ નથી હોતું. આજે આપણે ચાલ્યા ગયા તો પછી ધન શું કામમાં આવવાનું ? એટલા માટે જીવન દરમ્યાન ધનને સત્કાર્યોમાં જ, પુન્ય કાર્યોમાં જ વાપરવું જોઈએ. કહેવત છે કે 'તુરત દાન મહાપુન્ય' એ વાત સઘળાં ઉત્તમ કાર્યોનાં સંબંધમાં લાગુ પાડવી જોઈએ. કોઈ પણ સારાં કામને આવતી કાલ પર છોડવું ન જોઈએ, તરત જ કરી નાખવું જોઈએ.

એટલા માટે જ કોઇ કવિએ કહ્યું છે કે

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલમેં પરલૈ હોયગી, બહુરિ કરૈગો કબ.

એવા કેટલાય ધનવાનોના દાખલા સાંભળવામાં આવ્યા છે કે જેઓએ પરોપકાર માટે મોટી મોટી યોજનાઓ ઘડી રાખી હતી, પરંતુ પોતાની એ યોજનાઓ પૂરી નથી કરી શકયા. તેઓ અચાનક મૃત્યુના પંજામાં સપડાઇ ગયા. મૃત્યુ પર કોઇની પણ સત્તા ચાલતી નથી. એ કોઈની પ્રતીક્ષા નથી કરતું. એટલા માટે શરીરમાં જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધીમાં આપણે એનો લાભ ઉઠાવવો જોઇએ. મરણ પછી આપણે કશું નહિ કરી શકીએ એ નિર્વિવાદ વાત છે. વર્તમાન જીવનમાં જે કંઇ કમાણી કરશું તે જ આપણને ભવિષ્યમાં કામ લાગશે. આપણે જિંદગીભર પાપ કરવામાં તથા ન્યાય–અન્યાય, ખોટા સાચા, જૂઠ કપટ, ચોરીથી કે અપ્રમાણિકતાથી દ્રવ્ય સંગ્રહ કરવામાં જેવા ઇચ્છાનુસાર ભોગ ભોગવવામાં આપણા યા મનુષ્ય જીવનની ઇતિકર્તવ્યતા માની લેશું તો આ મનુષ્ય જીવન વ્યર્થ જશે એટલું જ નહિ પણ આપણે મહાન દુ:ખની સામગ્રી મૂકી જશું.

જે વાત વ્યક્તિને માટે છે તે જ સમષ્ટિ માટે પણ સમજવી જોઈએ. આજ કાલ જગતમાં ચારે તરફ જે હાહાકાર મચી રહ્યો છે, દાવાનળ સળગી રહ્યો છે તેનું કારણ શું છે? પાપ જ દુ:ખનું મૂળ છે અને ધર્મ સુખનું મૂળ છે.

આપણે દુ:ખનું બાહ્ય કારણોનું અનુસંધાન કરીને તેને દૂર કરવામાં ગુંથાયા છીએ. પણ એનાથી દુ:ખ ઓછું થવાને બદલે વધતું જાય છે. જ્યાંસુધી વ્યાધિનું સાચું નિદાન નથી થતું ત્યાંસુધી આપણે ગમે તેટલા ઉપચારો કરીએ તો પણ આપણને એમાં સફલતા નથી મળતી. વ્યાધિનો નાશ કરવા માટે આપણે તેના મૂળનો નાશ કરવો જોઇએ. આજ જગત્ જે વ્યાધિથી ગ્રસ્ત થયેલું છે તે; પાપોની વૃદ્ધિ છે. જ્યાંસુધી પાપો નહિ રોકાય ત્યાંસુધી આપણે પણ વ્યાધિમુકત નહિ થઇ શકીએ તેથી જો આપણે આપણી જાતને તથા સંસારને સુખી જોવા ઇચ્છતા હોઇએ તો યથાશકિત પાપોથી બચીને ધર્મ–સંચય કરવો જોઇએ. ત્યારે જ આપણે તથા આપણી આસપાસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો સુખી રહી શકશે. ભગવાન વ્યાસે ડિંડિંમ વગાડીને કહ્યું છે કે—

**ऊर्ध्वं बाहुर्विरौम्येन न कश्चिच्छ्रुणोति मे ।**
**धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥**

"હું બન્ને ભુજાઓ ઊંચી કરીને કહું છું, પરંતુ મારી વાત કોઇ સાંભળતું જ નથી. ભાઇઓ! ધર્મથી જ ધન તથા સુખની પ્રાપ્તિ થાય છે, તો પછી ધર્મનું સેવન કેમ કરતા નથી?" પરંતુ આપણે તો આવા મહર્ષિઓની હિતભરી વાણી સાંભળીને પણ બીજે કાને કાઢી નાખીયે છીએ. આપણે ઇચ્છીએ છીએ સુખ, પણ ચાલીએ છીએ દુઃખને રસ્તે. ઇચ્છીયે દુઃખથી છૂટવાનું, પણ દુઃખના હેતુરૂપ પાપને ગળે લગાડીએ છીએ. મહર્ષિ વ્યાસ પણ એજ કહે છે—

**पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।**
**न पापफलमिच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ।**

આ મનુષ્યદેહ આપણને મહાપુન્યે મળ્યો છે. એટલું જ નહિ પણ ભારતવર્ષ જેવો દેશ, ઉચ્ચ ધર્મ અને ઉત્તમ યુગ આપણને પ્રાપ્ત થયેલ છે. મહાત્મા પુરુષોએ કલિયુગને સઘળા યુગોની અપેક્ષાએ શ્રેષ્ઠ કહ્યો છે. અન્ય યુગોની અપેક્ષાએ આ યુગમાં આત્મકલ્યાણ અત્યંત સુગમતાથી સાધી શકાય છે.

આવો અપૂર્વ સંયોગ પ્રાપ્ત કરીને આપણે સાચા સુખથી વંચિત રહીએ, અનિત્ય વિષય-સુખમાં જ રમ્યા કરીએ અને પાપનો સંચય કરવામાં જ આપણું અમૂલ્ય જીવન ખોઇ નાખીએ તો પછી આપણા કરતાં વધારે મૂર્ખ અને કૃતઘ્ન કોણ હોઇ શકે?

સાચું સુખ કેવળ પરમાત્મામાં જ છે. એટલા માટે જેઓ સુખ ચાહતા હોય તેઓએ બીજી સઘળી વસ્તુઓથી મ્હોં ફેરવીને એક માત્ર પરમાત્માનું જ શરણ લેવું જોઇએ. એમજ ચિત્ત લગાવીને એની જ ભક્તિ, એની જ સેવા કરવી જોઇએ. જે લોકો પરમાત્માથી વિમુખ રહીને વિષયોમાં અને કષાયોમાં જ મગ્ન રહે છે તે અજ્ઞાની જીવોને માટે શું કહેવું? તેઓની દશા તો અબુધ બાલવિધવા જેવી છે કે જેને પતિ–વિયોગના દુઃખનો કશો અનુભવ નથી હોતો. એ બિચારી હમેશાની માફક ખાવા-પીવામાં અને ખેલવામાં મસ્ત રહે છે. એને ખબર નથી હોતી કે ભવિષ્યમાં એને જીવનમાં કેવાં કેવાં કષ્ટોનો સામનો કરવો પડશે, કેવી કેવી વિપત્તિઓ સહેવી પડશે. એના માતાપિતા, સગાસંબંધી, આડોશીપાડોશી એની દશા જોઇને કલ્પાંત કરે છે, પરંતુ એ ભોળી બાલિકા તેઓના કલ્પાંતનું કારણ સમજતી નથી. એવી જ રીતે ભગવદ્‌વિમુખજીવોને જોઇને સંત–મહાત્મા પુરુષો તેઓની દશાની દયા ખાય છે અને તેઓ પર પડનારી વિપત્તિઓની સૂચના કરે છે, પણ તે અજ્ઞાની જીવ તો ચેતતો જ નથી. એ તો પોતાના રાગરંગ, ભોગવિલાસમાં જ મશગૂલ રહે છે. આપણે મહાત્મા પુરુષોની ચેતવણી પર ધ્યાન આપીને સમયસર ચેતી જઇએ, નહિ તો આપણી પણ એ જ દશા થશે.

**इतिशम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી.

( ગતાંક પૃષ્ઠ ૧૬૪ થી શરુ. )

આવી જ રીતે એક વાર વિશ્વેશ્વર નામના કવિએ શ્રી હેમચંદ્રાચાર્યજીની મશ્કરી કરતાં કહ્યું.

પ્રસંગ એવો છે કે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સાધુઓના આચાર મુજબ ખંભે કાંમળી નાંખી છે, હાથમાં ડાંડો રાખ્યો અને બરાબર ઈર્યા-સમિતિ પાળતા આવતા હતા. ત્યાં રસ્તામાં જ વિશ્વેશ્વર પંડિત મલ્યા. કંઈક ઈર્ષ્યા અને કંઈક હાસ્યથી વ્યંગમાં બોલ્યા.

**" पातु वो हेमगोपालकः कम्बलं दंडमुद्वहन् "**

કામળો અને દંડ ( ડંડો ) ધારણ કરતા હેમચંદ્ર ( ગોવાળીયો ) તમારી રક્ષા કરો.

( અર્થાત્ ખંભે કામળો અને હાથમાં મોટો ડંડો લઇને આવતા આ ગોવાળીયા જેવા આચાર્ય આવે છે. )

શ્રી હેમચંદ્રાચાર્યજીએ એનો સુંદર જવાબ આપ્યો.

**" षड्दर्शनपशुग्रामम् चारयन् जैनगोचरे "**

**ભાવાર્થ**—ભાઇ ! તારી વાત તો યથાર્થ છે. આ ગોવાળ બીજા કરતાં જુદો છે. હાં ષડ્દર્શનરૂપી જુદાં જુદાં પશુઓને જૈન દર્શન-રૂપી ખેતરમાં એ બધાંને ચરાવી રહ્યો છે. અર્થાત્ બીજા છએ દર્શનવાળા એકાંતપક્ષ લઇ જુદા જુદા માર્ગો પ્રરૂપે છે, જ્યારે હું તો નયવાદથી બધાને ગુંથી–એકઠા કરી એક ખેતરમાં સાથે ચરાવું છું. જૈન દર્શનના સ્યાદ્વાદથી બધાને એકઠા કરું છું. આ સાંભળી પંડિતજી ચૂપ[૧] થઇ ગયા.

૪

શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજની સાથે મહારાજા સિદ્ધરાજે સિદ્ધાચલજીની યાત્રા કરી, ત્યાંની પૂજાને માટે બાર ગામ આપ્યાં અને પછી ગિરનારજી પણ સાથે જ આવ્યા. સજ્જન મંત્રીએ કરાવેલ તીર્થોદ્ધાર નિહાળી, તીર્થપતિ-નાં દર્શન પૂજન કરી નીચે ઉતર્યા અને પછી રાજાએ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજને કહ્યું પ્રભાસપાટણ પધારો. ત્યાં શિવાલયમાં રાજા સાથે સૂરિજી મહારાજને જવું પડયું, પરંતુ સ્તુતિ કરતાં જે શ્લોક બોલ્યાએ તો બહુ જ સુંદર હતો.

**यत्र तत्र समये यथा तथा**
**यो सिसोस्यभिधया यया तया**
**वीतदोषकलुषः स चेद्**
**भवानेक एव भगवन्नमोऽस्तु ते "**

ગમે તે સમય(શાસ્ત્ર)માં ગમે તે રીતે અને ગમે તે નામથી જો તમે દોષ (અષ્ટા-દશ) ની કલુષીતતાથી રહિત હો તો ભગવાન તમે એક જ છો માટે તમને નમસ્કાર છે.

આવો જ બીજો પણ પ્રસંગ ઉપલબ્ધ છે. પ્રભાસપાટણના શિવાલયના જીર્ણોદ્ધારની

૧ કુમારપાલ પ્રબંધમાં દેવબોધી નામના સંન્યાસીએ આ શ્લોક કહ્યાનું જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. પ્રભાસપાટણના પૂજારીઓ આવ્યા છે. રાજાએ તેમના કહેવાથી જીર્ણોદ્ધારનું સ્વીકાર્યું છે. આ વખતે અવસર જોઇ શ્રી હેમચંદ્રાચાર્યજીએ રાજાને કહ્યું: આવું મોટું કામ નિર્વિઘ્ને પૂરું થાય માટે કંઇક પ્રતિજ્ઞા-વ્રત લ્યો. મંદિરનું કામ સંપૂર્ણ થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું અને તેમ ન બની શકે તો 'માંસાહારનો ત્યાગ કરવો.' આ વસ્તુ શાસ્ત્રીય પ્રમાણોથી સુંદર રીતે સમજાવી. રાજાએ પણ પ્રતિજ્ઞા કરી કે મંદિર બની જાય ત્યાં સુધી માંસાહારનો ત્યાગ કરવો. મંદિર સંપૂર્ણ થયાના સમાચાર આવ્યા. રાજાએ સૂરિજી મહારાજને કહ્યું કે મંદિર પૂર્ણ થયું છે હવે મ્હારી માંસાહારની પ્રતિજ્ઞા છૂટી થઇ.

સૂરિજી મહારાજ-એમ નહિં, ત્યાં જઇ યાત્રા કરી પછી વ્રત મૂકવું. રાજા આ સાંભળી ખૂબ જ પ્રસન્ન થયો.

પરંતુ એક તેજોદ્વેષી પુરોહિતે કહ્યું-મહારાજ! આ જૈનાચાર્યજી તો આપને સારું સારું મનાવવા જ આમ કહે છે. બાકી એ તો જૈન ધર્મ સિવાયના ધર્મને મિથ્યાત્વ કહે છે. અને જો તે મહાદેવજીને માનતા જ હોય તો આવે આપણી સાથે પ્રભાસપાટણની યાત્રા કરવા. આપ વિનંતિ કરો, પરન્તુ તેઓ કદીયે આપની આ વિનંતી નહિં સ્વીકારે.

બીજે દિવસે મહારાજ કુમારપાલે સૂરિજી મહારાજને વિનંતી કરી કહ્યું-ગુરુદેવ, પ્રભાસપાટણ પધારો. સૂરિજી મહારાજ પણ વસ્તુસ્થિતિ સમજી ગયા. અને કહ્યું ઘણી જ ખુશીથી ચાલો. હું અહીંથી સિદ્ધગિરિની યાત્રા કરી, રૈવતાચલની યાત્રા કરી બરાબર સમયપર પ્રભાસપાટણ આવી પહોંચીશ.

સૂરિજી મહારાજ તો સિદ્ધાચલજીની યાત્રા કરીને રૈવતાચલ પધાર્યા.

રાજાએ પ્રભાસપાટણ આવી સૂરિજી મહારાજની તપાસ કરી કે હજી સૂરિજી મહારાજ કેમ પધાર્યા નથી.

એકે કહ્યું—મહારાજા! એ આચાર્ય તો અહીં આવતાં રસ્તામાં જ સમુદ્રમાં ડુબી ગયા.

રાજાને આ સાંભળી પારાવાર દુઃખ થયું, પરંતુ બરાબર નગરપ્રવેશોત્સવ સમયે પોતાના શિષ્ય પરિવાર સહિત શ્રી હેમચંદ્રાચાર્યજી પધાર્યા. રાજા સૂરિજી મહારાજને જોઇ અતિ પ્રસન્ન થયા. હવે બધા શિવાલયમાં ગયા. રાજાના આગ્રહથી યથાર્થ મહાદેવ-ગુણનિષ્પન્નદેવની સ્તુતિ કરતાં સૂરિજી મહારાજ બોલ્યા.

**भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्या स। ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥ यत्र तत्र समये यथा तथा योसिसोस्यभिधया यथा तथा। वीतदोषकलुषः स चेद् भवानेक एव भगवन्नमोऽस्तु ते ॥ २ ॥ त्रैलोक्यं सकलं त्रिकालविषयं सालोकमालोकितुं साक्षाद्येन यथा स्वयं करतले रेखात्रयं सांगुलिरागद्वेषभया। मयांतकजरालोलत्वलोभादयो नालं यत्पदलंघनाय स महादेवो मया वंद्यते ॥ ३ ॥ यो विश्वं वेदवेद्यं जननजलनिधेर्लंगिनः पारदृष्वा पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयं। तं वंदे साधुवंद्यं सकलगुणानिधिं ध्वस्तदोषद्विषं तं बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥४॥**

સંસારરૂપી બીજનાં અંકુરને ઉત્પન્ન કરનાર રાગાદિ જેના ક્ષય પામ્યા છે, એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ હો કે તીર્થંકર હો તેને મારો-નમસ્કાર થાઓ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન યશોવિજયજી.

(૩)

લે.—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

( ગતાંક પૃષ્ઠ ૧૬૨ થી શરૂ )

## આ પુરુષરત્નનો પ્રભાવ.

આ પુરુષરત્નને પામી ન્યાય ન્યાયપણું પામ્યો, કાવ્ય કાવ્ય બન્યું, અલંકારને અલંકાર સાંપડ્યો, રસમાં સરસતા આવી, કરમાયેલી શ્રુતવલ્લરી નવપલ્લવિત થઇ. યોગ કલ્પતરુ ફલભારથી નમ્ર બન્યો, યુકિત આગ્રહબંધનથી મુક્ત થઇ, મુક્તિ જીવન્મુક્તપણે પ્રત્યક્ષ થઈ. ભક્તિમાં શક્તિ આવી, શક્તિમાં વ્યકિત આવી, ધર્મમાં પ્રાણ આવ્યો, સંવેગમાં વેગ આવ્યો, વૈરાગ્યમાં રંગ લાગ્યો, સાધુતાને સિદ્ધિ સાંપડી, શાસનનું શાસન ચાલવા લાગ્યું, કલિકાલનું આસન ડોલવા લાગ્યું, દર્શનને સ્વરૂપદર્શન થયું, સ્પર્શજ્ઞાનને અનુકૂળ સ્થાન મળ્યું, ચારિત્ર ચરિતાર્થ બન્યું, વચનને કસોટી માટે શ્રુતચિંતામણિ મળ્યો, અનુભવને મુખ જોવા દર્પણ મળ્યું, તત્ત્વમીમાંસા માંસલ બની, દર્શનવિવાદો દુર્બલ થયા, વાડાના બંધન ત્રુટ્યા, અખંડ મોક્ષમાર્ગ વિશ્વમાં વ્યાપી રહ્યો, અંધશ્રદ્ધાની આંધી દૂર થઇ, દંભના પડદા ચીરાયાં, કુગુરુઓના ડેરા તંબૂ ઉપડ્યા, વેષવિડંબકોને વિડંબના થઇ, શુષ્ક જ્ઞાનીઓની શુષ્કતા સૂકાઈ, ક્રિયાજડોની જડતાથી જડ ઉખડી અને ધર્મ તેના શુદ્ધ વસ્તુધર્મ સ્વરૂપે પ્રસિદ્ધ થયો.

## ગુણસમુદ્ર.

આવા ગુણસમુદ્રનું ગુણગાન કેમ થાય? **'वक्तुं गुणान् गुणसमुद्र शशांककान्तान्, कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्धया'** એ સુભાષિતનું અત્ર સ્મરણ થાય છે. તથાપિ–**' जल्पंति वा निजगिरा ननु पक्षिणोऽपि '** ઇત્યાદિ ઉક્તિથી સમાધાન થઈ, આપણા પોતાના ઉપકારાર્થે યથાશક્તિ સત્પુરુષના ગુણગાન કરવાની આપણને પ્રેરણા મળે છે. શ્રી કાંતિવિજયજી પણ કહે છે કે–

**" શ્રી યશોવિજય વાચકતણા,**
**હું તો ન લહું ગુણ વિસ્તારો રે;**
**ગંગાજલ કણિકાથકી એહના,**
**અધિક અછે ઉપગારો રે.**
**વચન રચન સ્યાદ્વાદનાં,**
**નય નિગમ આગમ ગંભીરો રે;**
**ઉપનિષદા જિમ વેદનાં,**
**જેમ કવિ ન લહે કોઇ ધીરો રે.**
**શીતલ પરમાનંદિની,**
**શુચિ વિમલસ્વરૂપ સાચી રે;**
**જેહની રચના-ચંદ્રિકા,**
**રસિયા જણ સેવે રાચી રે. "**

આવા સરલહૃદયી, આવા વિશાલદષ્ટિ, આવા ઉદારચિત્ત, આવા ગંભીર આશયી, આવા નિરાગ્રહી, આવા માધ્યસ્થ વૃત્તિવાન્, આવા સમભાવી, આવા આત્માર્થી, આવા મુમુક્ષુ, આવા 'ગુણગણમણિઆગરુ' મુનિવરની જોડી વર્ત્તમાનમાં તો શું, ભૂતકાળમાં પણ મળવી દુર્લભ છે. કારણ કે–**' साधवो नहि सर्वत्र चन्दनं न वने वने।'**

## જગત્‌તત્ત્વજ્ઞોમાં સ્થાન.

પ્રખર દર્શન અભ્યાસી પં. સુખલાલજી કહે છે તેમ " જૈન સંપ્રદાયમાં ઉપાધ્યાયજીનું સ્થાન, વૈદિક સંપ્રદાયમાં શંકરાચાર્ય જેવું છે." પણ આવા સમર્થ તત્ત્વદ્રષ્ટા કાંઈ એકલા જૈન સંપ્રદાયના જ નહિ, પણ સમસ્ત ભારતના ભૂષણરૂપ છે. આ ભારતભૂમિ ધન્ય છે કે જેમાં આવા તત્ત્વદ્રષ્ટા પુરુષરત્નો પાકે છે. અને આવા સંપ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાયથી પર, વિશ્વગ્રાહી વિશાલદષ્ટિવાળા મહાત્મા કાંઇ એકલા જૈનોના જ નથી, એકલા ભારતના જ નથી, પણ સમસ્ત વિશ્વના છે; કારણ કે સાચા તત્ત્વજ્ઞાનીઓને મત–દર્શનનો આગ્રહ કે વિકલ્પ હોતો નથી, તેઓ તેથી પર હોય છે. આ મહાત્મા તત્ત્વદષ્ટાઓ સમસ્ત વિશ્વને પોતાના કુટુંબરૂપ–પોતાના આત્મબંધુરૂપ માને છે, એવા ને વિશ્વવત્સલ હોય છે. **उदारचरितानां तु वसुधैव कुटुंबकम्.**' એટલે સમસ્ત વિશ્વ એમનું છે ને એ સમસ્ત વિશ્વના છે. આમ વિશ્વના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનીઓની પ્રથમ પંક્તિમાં બિરાજવાનું માન શ્રીમાન્ **યશોવિજયજી**ને બરાબર ઘટે છે.

## બાહ્યજીવનની રૂપરેખા

આ મહાપુરુષના જીવનચરિત્ર અંગે જે થોડી ઘણી માહિતી મળે છે તે પ્રમાણે–તેમનો જન્મ ગૂજરાતમાં **કન્હોડૂ** ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ **નારાયણ** ને માતાનું નામ **સૌભાગ્યદે** હતું. તેમનો આ **જશવંત** નામે પુત્ર હતો. તે લઘુવયમાં પણ મહાબુદ્ધિમાન્ હતો. સં. ૧૬૮૮માં **નયનવિજય ( કે નયવિજય )** પાસે વૈરાગ્યવાસિત થઇ તેણે લઘુવયમાં માતા સહિત **અણહિલપુર** પાટણમાં દીક્ષા લીધી. તેનું નામ '**યશોવિજય**' રાખવામાં આવ્યું. તેનો બીજો ભાઇ **પદ્મસિંહ** હતો, તેણે પણ દીક્ષા લીધી; તેનું નામ **પદ્મવિજય** રાખ્યું. **વિજયદેવસૂરિ**એ તેમને વડી દીક્ષા આપી. સં. ૧૬૯૯માં **યશોવિજયજી**એ અષ્ટાવધાન કર્યાં. એમની અસાધારણ બુદ્ધિપ્રતિભા જોઇ **ધનજી સૂરા** નામના આગેવાને ગુરુને વિનંતિ કરી કે–આ પુરુષ વિદ્યા માટે યોગ્ય પાત્ર છે, તે મળતાં આ બીજો **હેમાચાર્ય** થાય તેમ છે, માટે ષડ્દર્શનના અભ્યાસ માટે તેને **કાશી** મોકલીએ તો સારું. ગુરુને વાત પસંદ પડી ને તે સંબંધી સર્વ વ્યવસ્થા માથે લીધી. પછી **કાશી** પ્રત્યે ગુરુ–શિષ્યે વિહાર કર્યો. ત્યાં **ભટ્ટાચાર્ય** નામના મહા પંડિત પાસે તેમણે ષડ્દર્શનનો અભ્યાસ કર્યો. મોટા સંન્યાસી પર વાદમાં વિજય વરતાં તેમને '**ન્યાયવિશારદ**'ની પદવી અપાઇ. ત્રણ વર્ષ તે કાશીમાં રહ્યા. પછી **આગ્રે** આવ્યા, ત્યાં એક ન્યાયાચાર્ય પાસે ચાર વર્ષ સુધી વિશેષ અભ્યાસ કર્યો. પછી સ્થળે સ્થળે વાદમાં વિજય પ્રાપ્ત કરતા, વિદ્યાએ દીપતા આ પંડિત **અમદાવાદ** આવ્યા, તેમની પ્રશંસા સૂબા **મહોબતખાને** સાંભળી, એટલે તેના કથનથી ૧૮ અવધાન કરી બતાવ્યા, અને તેમનો બહુ આદર થયો. સં. ૧૭૧૮ માં તેમને વાચક–ઉપાધ્યાય પદ મળ્યું. સં. ૧૭૪૩ માં ડભોઇમાં તેઓ કાળધર્મ પામ્યા. ત્યાં સમાધિસ્તૂપ કરવામાં આવ્યો. આમ સંક્ષેપમાં તેમના બાહ્ય સ્થૂલ જીવનની ઉપલબ્ધ રૂપરેખા છે. ( ચાલુ )

---

## આનંદદાયક વર્તમાન સમાચાર.

### શેઠશ્રી આણંદજી કલ્યાણજીના ભાવનગર ખાતેના પ્રતિનિધિઓની થયેલી નવી ચુંટણી.

અત્રેના શ્રી સંઘના અગ્રગણ્ય શેઠ શ્રી કુંવરજીભાઇ આણંદજીની ખાલી પડેલી જગ્યાએ આ સભાના પ્રમુખશ્રી **શેઠ ગુલાબચંદ આણંદજીની** અત્રેના શ્રી સંઘ તરફથી સર્વાનુમતે શેઠશ્રી આણંદજી કલ્યાણજીના શ્રી ભાવનગરખાતેના પ્રતિનિધિ તરીકે ચુંટણી થઇ છે, જે માટે આ સભા પોતાનો આનંદ જાહેર કરે છે.

---

આ સભાના પેટ્રન **વોરા ખાન્તિલાલ** અમરચંદભાઇ શ્રી નવપદ મહારાજનું આરાધન વિધિવિધાનપૂર્વક, અલુણા એક ધાન્યના આયંબીલવડે કરે છે, જે આ ચૈત્ર માસની ચાલીશમી ઓળી પૂરી થતાં પારણાના દિવસે સ્નેહી અને મિત્રોનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળાવડો થયો હતો. શ્રી સિદ્ધચક્રજી મહારાજની ઉપરોક્ત રીતે આયંબીલવડે આરાધનાનો આ શહેરમાં જાણવા પ્રમાણે પ્રથમ દાખલો છે. શ્રી નવપદ મહાત્મ્યના વર્ણન સાથે મળેલા સ્નેહી મિત્રોના ધન્યવાદ અને અનુમોદનાપૂર્વક વિવેચન થયેલ હતા તે માટે પણ આ સભા પોતાનો હર્ષ જાહેર કરે છે.

## પંજાબ સમાચાર

પૂ. પા. આચાર્યવર્યશ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પોતાની પંન્યાસ સમુદ્રવિજયજી આદિ શિષ્યમંડલી સહિત જંડિયાલાગુરૂમાં ૨૪ દિન સ્થિરતા દરમ્યાન ધર્મજાગૃતિ સારી આવી.

ફા. વ. તેરસે શ્રી વિજયાનંદ જૈન વાંચનાલયમાં આચાર્યશ્રીજી પધાર્યા. દીવાન સાહેબે રિપોર્ટ વાંચી સંભળાવ્યો. માસ્ટર પન્નાલાલે વિદ્વાનોની લખેલ સમ્મતિઓ વાંચી સંભળાવી. આચાર્યશ્રીજી અને પંન્યાસજીએ પ્રસંગોચિત સુંદર ઉપદેશ આપ્યો.

ચૈ. સુ. ૨ તા ૩ જીએ બેસતું વર્ષ હોવાથી નવસ્મરણાદિ સંભળાવી ધર્મસાધન વિશેષ કરવા સચ્ચોટ ઉપદેશ આપી, આચાર્યશ્રીજીએ શ્રી આત્માનંદ જૈન પ્રાઇમર સ્કૂલને મીડલ બનાવવા ઉપદેશ આપતાં તેને અમલમાં મૂકતા મેમ્બરો આદિ બન્યા. બપોરે ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) મ. ની જયંતી ઉજવવામાં આવી.

આ સ્થિરતા દરમ્યાન એક એવી દુર્ઘટના બની ગઇ કે ફા. વ. પ્રતિપદાએ બપોરે એકાએક હિન્દુ મુસલમાનોનું હુલ્લડ થઇ ગયું. બજારો બંધ થઇ ગયાં. મુસલમાન હુલ્લડખોરોએ હિન્દુઓની દુકાનો લૂંટી અને આગ લગાડી. સનાતન મંદિરને નુકશાન પહોંચાડયું. મૂર્તિઓને તોડી ફોડી નાંખી. આપણા જૈન દહેરાસર તરફ નજર જતાં દહેરાસરના બારણાને આગ લગાડી. શ્રી આત્મવલ્લભ જૈન ઉપાશ્રય ( જેમાં આચાર્યશ્રીજી આદિ બિરાજમાન હતાં ) ને મુસલમાનોએ ચારે તરફથી ઘેરો ઘાલી ઊભા રહ્યા તેમજ સાધ્વીજીઓના ઉપાશ્રયની પણ આવી જ પરિસ્થિતિ કરી દેવામાં આવી હતી, પણ સદ્‌ભાગ્યે અમૃતસરથી પોલીસ બમ્બો આદિ તત્કાલ આવી પહોંચતા બચાવ થઇ ગયો અને ફક્ત દહેરાસરના બારણાને થોડોક શેક લાગ્યો. શાસનદેવ અને આચાર્યશ્રીજીની કૃપાથી બધી વાતે બચાવ થઇ ગયો. ઘણા લોકોના મુખમાંથી આવા શબ્દો નિકળતા હતા કે આચાર્યશ્રીજીના બિરાજવાથી ઉપાશ્રય દહેરાસરાદિનો બચાવ થઇ ગયો; નહીં તો ન માલૂમ શું થાત.

ચૈ. સુ. ત્રીજે વિહાર કરી માનવાલા થઇ ચોથે શેઠ બંશીલાલજી કોચરના કોડીમાં બિરાજ્યા. પાંચમે ત્યાંથી જ સામૈયા સાથે ચાલીનગર પ્રવેશ કર્યો.

ચૈ. સુ. બારસે આચાર્યશ્રીજીએ જમાદારની હવેલીમાં પધારી સ્તોત્રો સંભળાવી વૈસાખી ( પંજાબનું બેસતું વર્ષ ) સંક્રાન્તનું નામ સંભળાવ્યું

તેરસે વકીલ બાબુરામ જૈનની અધ્યક્ષતામાં મહાવીરસ્વામીજીની જયંતી સમારોહથી ઉજવવામાં આવી. નવપદારાધન સારી રીતે થયું. ચૈત્રી પુનમે સિદ્ધાચલજીના પટના દર્શન ચતુર્વિધ શ્રી સંઘે દર્શનનો લાભ લીધો. ચૈત્રી પુનમના દેવ શ્રાવિકાસંઘે સાધ્વીજીઓની અધ્યક્ષતામાં વાંદ્યા,

# સાભાર સ્વીકાર.

૧ **શ્રી માનતુંગ-માનવતી ચરિત્રમ્**—સંશોધક કચ્છ વાગડ દેશોદ્ધારક મુનિરાજશ્રી જીતવિજયજી પટ્ટધર સુવિહિત મુનિરાજશ્રી હીરવિજયજી-પટ્ટધર મુનિરાજશ્રી બુદ્ધિવિજય. મુનિરાજશ્રી રામચન્દ્રવિજયજી મહારાજની વડી દીક્ષા નિમિત્તે તેમના સંસારી ભાઇ શા. ચંપકલાલ તરફથી ભેટ મળી છે.

૨ **શ્રી સંઘતિલકાચાર્યકૃત ધૂર્તાખ્યાનમ્**—શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા-અમદાવાદ તરફથી ભેટ મળી છે.

૩ **જીવનશુદ્ધિ**—લેખક હરજીવનદાસ કાળીદાસ મહેતા. શ્રી મોઢ મહોદય તરફથી ભેટ મળી છે.

૪ **સ્વોપજ્ઞ નમસ્કાર સ્તવવૃત્તિ**—જેસરવાસી બ્રધર્સ-સુરત મારફત ભેટ મળી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી મહાપીઠ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઈ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના વખતની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઈ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨–સુરસુંદરી** ચરિત્ર એ ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ત્રીજો છે. કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઇંડીંગવડે તૈયાર થાય છે. **આર્થિક સહાય આપનારનો ફોટો અને જીવનચરિત્ર આપવામાં આવશે.** સભા સાથે પત્રવ્યવહાર કરવાથી ખુલાસો મળી શકશે. જેમ બને તેમ વેળાસર પ્રકટ થશે.

---

**છપાતા ગ્રંથો–( ભાષાંતર )**

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૨ શ્રી વસુદેવ હિંડી.

**છપાતા મૂળ ગ્રંથો.**

૧ બૃહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.
૨ શ્રી ત્રિષષ્ઠિ શ્લાકા પુરુષ ચરિત્ર ૨–૩–૪–૫ પર્વ

**છપાવવાના અનુવાદોના ગ્રંથો.**

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.
૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.
૩ શ્રી દમયંતી ચરિત્ર.

આત્માનંદ સભા ભાવનગર.

---

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે. ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

| | |
|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨–૮–૦ |
| ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા. ૨–૦–૦ |
| ૩ શ્રી વિમળનાથ ચરિત્ર | રૂા. ૨–૦–૦ |
| ૪ સુમુખ નૃપાદિક કથાઓ | રૂા. ૧–૦–૦ |
| ૫ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ |
| ૬ શ્રી પૃથવીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ |
| ૭ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ |
| ૮ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ |
| ૯ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ |
| ૧૦ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩–૦–૦ |
| ૧૧ ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૧૨ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૧૩ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |

---

## સંસ્કૃત ગ્રંથો–થોડી નકલો સીલીકે છે.

| | |
|---|---|
| ૧ શ્રી બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૪–૫ | રૂા. પા રૂા. ૬ |
| ૨ કર્મગ્રંથ બીજો ભાગ | રૂા. ૪–૦–૦ |
| ૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પ્રથમપર્વ બુકાકારે | રૂા. ૧–૮–૦ |
| ૪ જૈન મેઘદૂત | રૂા. ૨–૦–૦ |
| ૫ કથારત્ન કોષ ( ગ્લેઈઝ ) | રૂા. ૮–૮–૦ |
| ૬ નવસમરણ સ્તોત્ર સંદોહ | રૂા. ૦–૮–૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431



## થોડી નકલો ॥श्री कथारत्न कोष मूल॥ (कहारायण कोसो) સિલિકે છે.

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૯ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે, તેમ પુરવાર થયેલ છો. ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીસ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તત્ત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટા અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર સીલીકે છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.



---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only